# અધ્યાત્મ

વર્ષ–૪
અંક–૧૦
જુલાઈ–૧૯૮૩



## નવા નોંધાયેલ આજીવન સભ્ય

'અધ્યાત્મ' માસિકના નવા નોંધાયેલ આજીવન સભ્યોના નામ નીચે પ્રમાણે છેઃ-

૩૨૫. શ્રી પ્રદીપભાઈ મોહનલાલ ચૌહાણ મોરબી રૂા. ૨૫૧
૩૨૬. શ્રી શાંતિલાલ રતિલાલ વડવાલા, અમદાવાદ રૂા. ૨૫૧

—*—

## સદ્ભાવભરી ભેટ

ભાવનગરના સાધક શ્રી પ્રતાપભાઇ ત્રિવેદીની સુપુત્રી બેન સરોજબેન તરફથી અધ્યાત્મને રૂા. ૧૧ની ભેટ મળી છે.
૫૧. શ્રીમતી કૈલાસબેન વિનોદભાઇ જોષી તરફથી પુત્રી સ્મિતાના લગ્ન તેમજ પુત્રની જનોઈ પ્રસંગે.

—*—

## નોંધી લો

સપ્ટેમ્બર, ૮૩ માં અધ્યાત્મ માસિકનું ચોથું વર્ષ પૂરું થાય છે. એટલે ગ્રાહકોને વિનંતી છે કે તેઓ તેમનું લવાજમ ઓગસ્ટ માં મોકલાવે, જેથી ઓક્ટોબર ૮૩નો તેમનો અંક સમયસર મળી રહે.

—*—

## પૂ. શ્રીનો કાર્યક્રમ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં રામચરિત માનસ ઉપરનાં જાહેર પ્રવચનો તા. ૫-૭-૮૩ થી ૧૯-૭-૮૩ સુધી ભાવનગર ટાઉનહોલમાં સાંજના ૬-૩૦ થી ૭-૪૫ રાખવામાં આવેલ છે.



પૂ. શ્રી યોગેશ્વરજી તથા પૂ. શ્રી માતૃશ્રી

## ચરણની બલિહારી

યોગેશ્વર ચરણની બલિહારી
એની વાત ખરેખર છે ન્યારી...યોગેશ્વર

જીવન ઘડતરની એ શાળા
તોડે બંધનનાં તાળાં...યોગેશ્વર

પ્રગટ પ્રભુની શીતળ છાયા
છોડાવે ઝંઝટ માયા...યોગેશ્વર

ગુરુ ગોવિંદ તણા સથવારે
મુક્તિ મળે મંગલ દ્વારે...યોગેશ્વર

પ્રભુ પ્રેમની પુનિત પરબડી
પામી કાયા ધન્ય બની...યોગેશ્વર

—સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૪ અંક : ૧૦ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાંકે
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
પૂજ્ય શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## ❋ અનુક્રમણિકા ❋


| નામ | લેખક | પૃષ્ઠ નં. |
|---|---|---|
| આત્મિક સાધના | શ્રી. યોગેશ્વરજી | ૩ |
| રામલાલાના ભક્ત શ્રી જટાધારી | નારાયણ હ. જાની | ૬ |
| પ્રશ્નોતરી | શ્રી. યોગેશ્વરજી | ૧૩ |
| મનની શાંતિ | ગૌત્તમ ભટ્ટ | ૧૭ |
| "તે દૂર પણ છે ને પાસે પણ" | | |
| तद्दूरे तदन्तिके | જે. વી. શાહ | ૨૦ |
| પાષાણમાંથી પૂજનીય પ્રતિમા | શાસ્ત્રી પ્રીતમપ્રસાદ દાસ | ૨૫ |
| પ્રતીતિ | શ્રી. યોગેશ્વરજી | ૩૩ |
| "સંતોનો મહિમા" | જગદીશચંદ્ર એસ. આચાર્ય (સત્યસ્નેહી) | ૩૪ |
| આવી આવી રે સોહાગણ રાત ? | ડૉ. અશ્વિનભાઇ પટેલ | ૩૫ |
| કબરો | ડૉ. રણજિત એમ. પટેલ | |
| મહાયોગી શ્રી અરવિંદની અમરકૃતિ સાવિત્રી | આશા ત્રિવેદી | ૩૯ |
| પ્રકાશના પંથે | નારાયણ હ. જાની | ૪૪ |
| દૈવીસંપત્તિ | શ્રી. યોગેશ્વરજી | ૪૯ |
| મહામૌન | ઇશ્વરભાઇ એમ. શાહ | ૫૦ |
| શ્રીમદ્ ભાગવત સુધા (૪) | પ્રા. જનાર્દન દવે | ૫૫ |
| અસ્તિત્વનો આનંદ | ભાઈલાલભાઈ છાટબાર | ૫૮ |
| રામકથા | શ્રી. યોગેશ્વરજી | ૬૧ |


❋




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

વર્ષ : ૪ જુલાઈ-૧૯૮૩ અંક : ૧૦


## આત્મિક સાધના

યોગેશ્વરજી

આત્મિક વિકાસની સાધનાનું આલંબન લેનારે ત્રણ મહત્ત્વના મુદ્દાઓને ધ્યાનમાં રાખવાના છે. એ મુદ્દાઓ પ્રત્યે ઉપનિષદ્‌માં વરસો પહેલાં અંગુલિ નિર્દેશ કરવામાં આવ્યો છે પરંતુ આત્મિક વિકાસની સાધના કાંઇ કેવળ ઉપનિષદ્ યુગ પુરતી જ મર્યાદિત નથી હોતી તે તો દેશ અને કાળથી પર હોઇ, પ્રત્યેક યુગમાં એક સરખી આવશ્યક અથવા આશીર્વાદરૂપ હોય છે. માટે જ શાસ્ત્રોની, તત્ત્વજ્ઞાન કે સાધના વિષયક વાણી આજે પણ એટલી જ અસર-કારક સાબિત થાય છે. અને ભવિષ્યમાં પણ સાબિત થશે.

ઉપનિષદ્‌ની એ વાણી આરંભના અને આગળ વધી ચૂકેલા સઘળા સાધકોને માટે પ્રેરણાની સનાતન સામગ્રીરૂપ છે. એટલે તેનો વિચાર આવકારદાયક છે એમાં કહેવામાં આવ્યું છે કે જે સાધના અથવા આત્મિક વિકાસના અભ્યાસક્રમનું આલંબન લેવામાં આવે તે સાધના અથવા અભ્યાસક્રમનું સાંગોપાંગ જ્ઞાન અભ્યાસીને હોવું જોઇએ. સૌથી પહેલાં તો સાધના શાને માટે કરવામાં આવે છે તેનો નિશ્ચય કરી લેવો જોઈએ. પોતાની જાતને પ્રશ્ન પૂછવો જોઇએ કે જે સાધના કરવામાં આવે છે તે કાંઇ લાકિક કે પાર-

લૌકિક હેતુની સિદ્ધિ કે સુખોપભોગને માટે તો નથી ? જે સાધના કરવામાં આવે તે સાધના કોઈ લૌકિક રાગદ્વેષ, વાસના, સ્વાર્થ-વૃત્તિ કે અહંતાથી પ્રેરાઈને ના થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. તેની પાછળનો હેતુ એક માત્ર આત્મવિકાસનો જ હોવો જોઈએ. એ ઉપરાંત સાધના શાને માટે કરવાની છે, એની મારફત શું મેળવવાનું છે, એનો એટલે કે પોતાના પ્રાપ્તવ્ય, ગંતવ્યસ્થાન, ધ્યેય કે આદર્શનો સ્પષ્ટ ખ્યાલ હશે તો સાધક એ ધ્યેયની પ્રાપ્તિ થતાં લાગી છેવટ સુધી પોતાની સફર ચાલુ રાખશે. કોઈયે પ્રકારના પ્રલોભનમાં પડીને કે ભયસ્થાનમાં અટવાઈને અધવચ્ચે નહિ અટકી પડે. તથા કોઇ જાતની ભ્રાંતિનો શિકાર પણ નહિ બને.

સાધ્યની સ્પષ્ટતા એકવાર થઇ ગઈ એટલે પછી એની પ્રાપ્તિ માટેનાં સાધનોનો નિર્ણય પણ કરી લેવો જોઈએ. સાધકના મનમાં એ વિશે પણ કોઈ પ્રકારની અસ્પષ્ટતાને અવકાશ ના રહે એ આવશ્યક છે.

એ બધી વિચારણાને સંક્ષેપમાં કહેવી હોય તો એમ કહી શકાય કે જે સાધના કરવામાં આવે તે સાધના સમજપૂર્વક, એની પૂરતી માહિતી સાથે, કરાવી જોઈએ.

સાધનાના અનુષ્ઠાનમાં બીજી આવશ્યક વસ્તુ-શ્રદ્ધા છે. એ શ્રદ્ધા પોતાની અંદર હોવી જોઈએ. ગુરુમાં હોવી જોઇએ,-ઈશ્વરમાં હોવી જોઈએ, અને પોતાના પસંદ કરેલા અભ્યાસક્રમમાં હોવી જોઈએ. એવી ચતુર્વિધ શ્રદ્ધા ના પ્રકટે ત્યાંસુધી સાધનાની સિદ્ધિ આકાશ કુસુમવત્—અશકય જ બની રહે છે. શ્રદ્ધા વગરની સાધના પ્રાણવાન નથી બની શકતી, અને ધારેલું પરિણામ પણ પેદા નથી કરી શકતી.

સાધના સંબંધી સ્પષ્ટ સમજ હોય, અને સાધના માટે-ઉપર કહી તેવી જરૂરી ચતુર્વિધ શ્રદ્ધા પણ હોય, પરંતુ ભક્તિ ના હોય,



એને માટે સર્વસમર્પણ કરવાની અદમ્ય ઇચ્છાશક્તિ,—ફના થઈ જવાની વૃત્તિ, કે પ્રબળ પુરૂષાર્થ ના હોય તો સાધના ભાગ્યેજ સફળ થઈ શકે. સાધના સંબંધી સ્પષ્ટ માર્ગદર્શન મેળવીને તથા શ્રદ્ધા પેદા કરીને એની સંસિદ્ધિના પ્રયાસમાં લગનપૂર્વક લાગી જવું જોઈએ. જેમણે પણ સિદ્ધિ મેળવી છે, એમણે એવા એકધારા-ઉત્સાહયુક્ત હિંમતપૂર્વકના પ્રયાસથી જ મેળવી છે. એટલા માટે એનો અનાદાર કર્યે નહિ ચાલે.

આત્મિક વિકાસની સાધનામાં કે વ્યાવહારિક કર્મની સિદ્ધિમાં-બન્નેમાં, સમજ, શ્રદ્ધા તથા પુરૂષાર્થના એવા ત્રિવિધ સંયુક્ત સાધનની આવશ્યકતા છે. એનેજ લક્ષમાં રાખીને ઉપનિષદકારે પેલું સુંદર વાક્ય કહી બતાવ્યું છે કે **यदेव विद्यया करोति श्रद्धायोपनिषदया तदेव वीर्यतरं भवति ।** એટલે કે જ્ઞાનપૂર્વક, શ્રદ્ધા-સહિત પુરૂષાર્થી થઈને કરવામાં આવે છે તે જ વીર્યવાન કે સફળ બને છે. એ ત્રિવિધ સાધન સંપન્ન સાધક જ સફળ બને છે. આત્મિક સાધનાની વાતને બાજુએ રાખીને વિચારીએ તો પણ, જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળતાપૂર્વક સુચારુરૂપે આગળ વધવા એને સફળ બનવા માટે એ સાધનાની એટલી જ આવશ્યકતા છે. એટલે કે જે કાર્ય-કરવામાં આવે તે જ્ઞાન અથવા સમજપૂર્વક, આત્મવિશ્વાસથી અને પોતાની સંપૂર્ણ શક્તિને કામે લગાડીને સમર્પણ-ભાવથી કરવાની આવશ્યકતા છે. એવી રીતે કાર્ય કરવાથી કાર્યસિદ્ધિ દૂર નથી રહેતી.

# રામલાલાના ભક્ત શ્રી જટાધારી

મુક્ત અનુવાદ : નારાયણભાઈ જાની

શ્રી. રામકૃષ્ણ દાક્ષિણેશ્વરમાં રહેવા લાગ્યા. તે અરસામાં કેટલાક ઉચ્ચ કોટિના સાધુસંતો પણ ત્યાં આવવા લાગ્યા. તેમાં ભટકતા સાધુબાવા શ્રી. જટાધારીનો ઉલ્લેખ આવશ્યક છે.

તેઓ દક્ષિણેશ્વરમાં લગભગ ૧૮૬૪ની સાલમાં આવેલા.

બાવા શ્રી જટાધારી ભગવાન રામના ભક્ત હતા. તેઓ પોતાની સાથે ભગવાન રામની મૂર્તિ રાખતા, જેને તેઓ રામલાલા કહેતા. અષ્ટધાતુની બનાવેલી આ પ્રતિમાને તેઓ ખૂબ ભકિતભાવપૂર્વક પૂજતા. એ પ્રતિમા જાણે કે જીવંત હોય ને રામલાલા પ્રત્યક્ષ હોય એવો અતિ ઉચ્ચકોટિનો ભાવ જટાધારી બાવાનો રહેતો. શ્રી રામકૃષ્ણ પોતાની આધ્યાત્મિક દૃષ્ટિથી એ એકદમ જોઇ શકયા કે જટાધારી કોઈ સાધારણ ભક્ત નથી. વળી એમને ખરેખર ભગવાન બાલ રામનું દર્શન થયું ને જણાયું કે બાલ સ્વરૂપના ભગવાન રામ અને એ પ્રતિમા બન્ને અભિન્ન છે. રામકૃષ્ણ જટાધારીની ભક્તિ-થી ખૂબ આકર્ષાયા હતા એટલે રામલાલાની પ્રતિમા સામે-જટાધારીની સાથે એકીટસે જોતા, તેઓ પણ બેસી રહેતા. પરિણામે એમને પણ ભગવાન રામનું દર્શન થતું. ઘણી વાર આખો આખો દિવસ એક સાથે તેઓ બેસતા.

આ સંબંધે શ્રી રામકૃષ્ણ પાછળથી આ પ્રમાણે વાત કરતાં કહેતાઃ–

"દિવસો જેમ જેમ પસાર થવા લાગ્યા તેમ તેમ મને લાગવા માંડયું કે રામલાલા મને વધારે ને વધારે પ્રેમ કરવા લાગ્યો છે. જયાં સુધી હું જટધારી સાથે રહેતો ત્યાં



સુધી રામલાલા ખુશી થતો અને અમારી આસપાસ રમતો. પરંતુ જેવો હું જટાધારીને છોડી મારા ઓરડામાં ગયો કે તુરત જ તે મારી પાછળ મારા ઓરડામાં આવતો રહ્યો. જો કે મારી પાછળ નહિ આવવાની મેં એને આજ્ઞા કરી હોવા છતાં, હવે એ જટાધારી પાસે રહેતો નહિ. પહેલાં તો મને લાગ્યું કે કદાચ આ મારી કલ્પના જ હોય! કારણ કે આટલાં બધાં વર્ષોથી અને આટલી બધી ઉત્કટ ભકિત ભાવથી જટાધારી એને ભજતો, છતાં એ રામલાલા એના કરતાં મને વધારે શી રીતે ચાહી શકે? પરંતુ મેં ખરેખર રામલાલને–મારી આગળ આગળ નાચતો કૂદતો ને મારી પાછળ આવતો જોયો.

કોઈકવાર તે મને ખોળામાં બેસાડવાનો આગ્રહ કરતો, પરંતુ હું જેવો એને ઉચકતો કે એ ત્યાં સરખો બેસતો નહિ, તે આસપાસ–ચારેપાસ કાંટા હોય ત્યાં પણ ફૂલ તોડવા નાસી જતો. અથવા તો ગંગાના પાણીમાં પડી નાહતા, છબછબીયાં કરવા લાગતો હું એને કહેતો, ' અરે ભાઇ, તું એમ ના કર. તું ઉઘાડા પગે તડકામાં દોડીશ, તો તારા પગે ફોલ્લા પડી જશે. પાણીમાં તું વધારે નાહીશ, તો તને શરદી થઇ ને તાવ આવી જશે.' હું એને ગમે તેટલું કહેતો, પરંતુ મારી તે કોઇ વાત સાંભળતો નહિ અને એનાં તોફાનો ચાલુ રાખતો. વળી કદીક તે એની સુંદર આંખોથી મારી સામે ખૂબ મીઠાશથી નીહાળતો, તો કદીક મારી સામે ઓઠનો ચાળો કરી, દાંતિયાં કરતો. એથી હું ખરેખર ગુસ્સે થઈ જતો અને એને ઠપકો આપતો. " હું એને કહેતો, 'લુચ્ચા, ઊભો રહે, આજે હું તને બરાબરનો પ્રસાદ ચખાડું છું. તારાં હાડકાં ખોખરાં કરુ છું' એમ કહી હું એને પાણી કે તડકા-

માંથી ખેંચીને બહાર કાઢતો અને એ ઓરડીમાં રહીને રમે તે માટે કંઈક ખાવાની વસ્તુ ભેટ આપવાની લાલચ આપતો આમ છતાં, જો એ તોફાન કરતો, તો હું એને એકાદ બે ધોલ ચડાવી દેતો. પણ એમ કર્યા પછી, તે મારી સામે તેના નીચલા ઓઠનો ચાળો કરી આંખમાં આંસુ સાથે એવી રીતે જોતો કે એથી મને ભારે દુ:ખ થતું. હું તુરત તેને ઊંચકીને મારા ખોળામાં લેતો ને તેને પંપાળવા લાગતો. ”

“એક દિવસ, હું ગંગામાં સ્નાન કરવા જતો હતો ત્યારે એણે મારી સાથે આવવાની જીદ કરી. હું શું કરૂં ! છેવટે મેં તેને આવવા દીધો પરંતુ હવે તે પાણીમાંથી બહાર નીકળતો ન હતો. મેં એને વારંવાર વિનંતી કરી, પણ એણે મારૂં જરાય માન્યું નહિ. આખરે મને ગુસ્સો ચઢ્યો ને મેં એને પાણીમાં ડબુચ્યું ખવડાવી કહ્યું, “ભલે, તારે પાણીમાં જ્યાં સુધી નાહવું હોય, ત્યાં સુધી નાહ્યા કર. ”

“પરંતુ જેવું મેં આમ કર્યું કે મેં તેને પાણીમાં ખરેખર ડૂબતાં ને તરફડતાં જોયો. મને થયું મેં આ શું કર્યું ? મેં એને પાણીમાંથી તુરત બહાર ખેંચી કાઢ્યો ને મારા હાથોમાં તેડી લીધો. ’

‘બીજા એક દિવસે, એ મારી પાસે હઠ કરી ખાવાનું માગવા લાગ્યો, અને તે દિવસે બરાબર છડેલા ન હોય એવા ચોખાના સૂકા થોડા મમરા જ મારી પાસે હતા. એટલે તે જેવો ખાવા લાગ્યો કે તેની નાજુક કોમળ જીભમાં, છોડાથી ચીરા પડ્યા. એ જોઇ મને ભારે દુ:ખ થયું. તેને મેં મારા ખોળામાં લઇ લીધો ને કહ્યું, ‘તારી મા તને કેટલી બધી કાળજીથી દહીં ને માખણ ખવડાવતી અને હું કેવો અવિ-



ચારી કે આવા બરછટ સૂકા મમરા તને ખાવા આપું છું. ”

વર્ષો પછી પોતાના યુવાન શિષ્યો સમક્ષ આ પ્રસંગ કહેતાં રામકૃષ્ણદેવની આંખોમાંથી અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં તે વખતે, સ્વામી શારદાનંદ પણ એ યુવાન શિષ્યોમાં હાજર હતા. શિષ્યો સાંભળીને ભારે આશ્ચર્યમાં પડી જતા ને એક બીજા સામે જોતા. તેમને તેમના યુવાન હૈયામાં શ્રદ્ધા હોવા છતાં રામલાલાની પ્રત્યક્ષ પ્રકટ થવાની વાત હાસ્યસ્પદ ને અશક્ય જેવી લાગતી. છતાં શ્રી રામકૃષ્ણે એ કહી હતી કે જેઓ એક અંશમાત્ર પણ અસત્ય બોલી ન શકતા શ્રી શારદાનંદે પોતાના પુસ્તકમાં રમુજપૂર્વક નોંધ કરતાં વાંચકની અવિશ્વસનીયતાને ઉદ્દેશી લખ્યું છે કે ‘ ભાઇ, તમને ઠીક પડે તેટલું આ વાતમાંથી સ્વીકારો:–તેનું માથું કે પૂછડું તમને ઠીક લાગે તો કાઢી નાંખો. પરંતુ પોતાનો અભિપ્રાય આપતાં છેવટે નોંધ્યું છે કે તેઓ પોતે તો આ વાતને અક્ષરસઃ સત્ય માને છે. એમાં રજમાત્ર અસત્ય નથી.

વળી શ્રી રામકૃષ્ણ આ વાતના અનુસંધાને કહેતા “ જટાધારી રામલાલને ધરાવવા માટે કોઈ કોઇ દિવસ રસોઈ બનાવતા પરંતુ એ એમને જડતો નહિ. એટલે એ ભયભીત બની દુ:ખી હૃદયે મારા ઓરડે શોધવા આવતા. મારે ત્યાં રામલાલા જમીન ઉપર રમતો દેખાતો. આ જોઈ એની લાગણી ખૂબ ઘવાતી કંઇક ઠપકાભર્યા અવાજે એ કહેતા “કેટલો બધો પરિશ્રમ ઊઠાવી મેં તારે માટે રસોઈ બનાવી છે ! હું તને બધે શોધી વળ્યો ! અને તું તો આખો વખત અહીં જ રહેછે ! તને શું મારે માટે કોઈ લાગણી નથી ! તું બધું જ ભૂલી ગયો ! તું હંમેશાં એમજ કરતો આવ્યો છે તારા મનમાં આવે છે એમ જ તું કરે છે. તારા હૃદયમાં લાગણી કે પ્રેમ જેવું કંઇ છે જ નહિ, તું તારા બાપને ત્યજીને જંગલમાં

ગયો અને બાપ, હૃદય ભાંગી પડવાથી મરણ પામ્યો છતાં તું મરણ પથારીએ પડેલા બાપને મળવા પાછોય ન આવ્યો.

(રામાયણ પ્રમાણે સાચી વાત એ છે કે રામે પોતાના પિતા દશરથના વચન ખાતર વનમાં જવાનું નક્કી કર્યું હતું. પરંતુ જટાધારી લાગણીના આવેશમાં, 'રામલાલાના વર્તનથી નાખુશ થઈને એના ઉપર દોષારોપણ કરે છે, જે વાસ્તવિક નથી). આમ કહીને જટાધારી રામલાલાને ઘસડીને પોતાના ઉતારે લઇ જતા અને ખવડાવતા. વારંવાર આમ થતું, છતાં જટાધારી દક્ષિણેશ્વર છોડીને ન ગયા કારણ કે તેઓ મારાથી (રામકૃષ્ણથી) છૂટા પડી જવા માંગતા ન હતા. વળી રામલાલાને આટલા બધા વખત સુધી ચાહ્યા પછી એ રામલાલાને પાછળ છોડી એકલા જવા માંગતા ન હતા.

પરંતુ તે પછી, જટાધારી એક દિવસ મારી પાસે આવ્યા ને આંખમાં આનંદના આંસુ સાથે કહેવા લાગ્યા, "મેં એને કદી ઓળખ્યો ન હતો એ રીતે રામલાલાએ પોતાની જાતને મારી આગળ ખુલ્લી કરી. મેં હંમેશાં તેની-જ ઝંખના રાખી હતી. હવે મારા જીવનની આશા પરિપૂર્ણ થઇ. રામલાલા હવે કહે છે કે તે અહીંથી બીજે જવા માંગતો નથી. તમને છોડીને જવાની એની ઇચ્છા નથી. પરંતુ હવે મને એનું કોઈ દુઃખ નથી, કારણ કે તમારા સાન્નિધ્યમાં તે સુખેથી રહે છે અને તેને પોતાનેય ગમે છે."

"એ જોઇ મને પોતાનેય ખૂબ સુખ થાય છે. હવે મને સમજાયું છે કે એના સુખમાંજ મારૂં સુખ રહેલું છે. એથી હું એને તમારી પાસે રાખીને જઇ શકું. "પછી એમ કહી જટાધારીએ પોતાની પાસેની રામલાલાની સુંદર પ્રતિમા રામકૃષ્ણને આપી વિદાય લીધી. ત્યારથી રામલાલા અહીં છે."



રામલાલાની આ મૂર્તિ ઘણાં વર્ષો સુધી દક્ષિણેશ્વરના રાધાકાન્ત મંદિરમાં રાખવામાં આવેલી. આ સદીના પ્રારંભમાં ઉપરોકત મંદિરમાંથી એની ચોરી થઈ ગઇ. તે પછી તે પાછી મળી નથી.

શ્રીજટાધારી, તેમજ અઘોરમણિદેવીના—રામ અને કૃષ્ણનાં બાલસ્વરૂપોની ઉપાસનાના પરિણામે—તેઓનું સાકાર પ્રાકટ્ય ઘણી મોટી વાત લેખાય શ્રી નરસિંહ મહેતા કે મીરાંબાઇના જીવનમાં ઈશ્વરી સ્વરૂપોના પ્રકટ થવાની વાતો આવે છે. શ્રી રામકૃષ્ણને થયે તો હજુ માણ બસો વર્ષ પણ નથી થયાં. તેઓ આજના વિજ્ઞાનયુગના આરંભકાળમાંજ થઇ ગયા. તે સમય સંક્રાન્તિકાળનો હતો. પશ્ચિમના તર્ક અને બુદ્ધિયુકત વિચારોનો પ્રભાવ ભારતીયો ઉપર પડવા માંડયો હતો.

આપણા યુવાનો અંગ્રેજી ભાષા શીખીને, નવા દૃષ્ટિકોણથી વિચારતા થયા હતા. એટલે આપણાં શાસ્ત્રોની વાતોમાં તેમને શ્રદ્ધા થતી નહિ પશ્ચિમનું એટલું સારૂં એવું એક વલણ યુવાનોમાં દેખાતું. ધર્મની દરેક વાતને પણ તર્ક અને બુદ્ધિના ત્રાજવે મૂલવવાની પદ્ધતિ થઈ ગયેલી. એવા સમયે તેઓ સાકાર ઈશ્વરના પ્રાકટ્યની વાત તો શી રીતે માની શકે ?

છતાં શ્રી રામકૃષ્ણના સ્વમુખે આ વાતો આપણે સાંભળીએ છીએ, ત્યારે એમાં અસત્ય હોવાની કલ્પના પણ કરી શકતા નથી. એ પુરુષે જીવનભર મા જગંદબાની આરાધના જ કરી. પરિણામે ખૂદ પોતે મા જગદંબા સ્વરૂપ થઇ ગયા, તે ખોટું શા માટે બોલે! એને એવું કયું દુન્યવી પ્રયોજન ? એટલે એમનાં વચનોમાં શંકા કરાય જ

નહિ. કેટલાંક આધ્યાત્મિક રહસ્યો કેવળ તર્ક કે બુદ્ધિથી સમજી શકાતાં નથી. તેઓ અનુભૂતિથી જ સમજાય. એ અનુભવો ઇંદ્રિયાતીત હોય છે. એટલે મન અને બુદ્ધિ એનો પાર પામી શકે એમ નથી.

રામલાલાના બાળ સ્વરૂપે પ્રકટવાની વાત પણ આવી જ વાત છે. " જે નિરાકાર છે, તેજ સાકર રૂપે પ્રકટ થાય છે." શ્રી રામકૃષ્ણદેવનાં એ વચનોની પુષ્ટિ એનાથી થાય છે.

(શ્રી ક્રિસ્ટોફર ઇશરવુડના આધારે)

## અમદાવાદના આંગણે ગુરુપૂર્ણિમા

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી અને પ. પૂ. માશ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિમાં આ વર્ષે અમદાવાદમાં ગુરુપૂર્ણિમાનું આધ્યાત્મિક પર્વ ઉજવવાનું નક્કી કરાયું છે. આ પર્વની ઉજવણીમાં ભાગ લેવા આવનાર સાધકો માટે ઉતારા તેમજ ભોજનની વ્યવસ્થા અમદાવાદના ધ્યાનકેન્દ્ર તરફથી કરવામાં આવશે.

ઉતારાના સ્થળની તેમજ કાર્યક્રમની જાણ દરેક ધ્યાન કેન્દ્રોને હવે પછી અલગ પરિપત્રથી કરવામાં આવશે. આમ છતાં કોઈ ભાઈને તેની માહિતી જોઈતી હોય તો શ્રીબાબુભાઈ વોરા ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯નો સંપર્ક સાધવો. ગુરુપૂર્ણિમા તા. ૨૪-૭-૮૩ના રોજ છે તેની નોંધ લેવી.

પ પૂ. યોગેશ્વરજી આ વર્ષે તેમના જન્મદિન ૧૫મી ઓગસ્ટે, પણ અમદાવાદમાં હશે.



# પ્રશ્નોત્તરી

—યોગેશ્વરજી

પ્રશ્નઃ-કેટલા નામજપ કરવાથી ઈશ્વરદર્શન થઇ શકે ?

ઉત્તરઃ-ઈશ્વરદર્શનને માટે નામજપની કોઈ ચોક્કસ સંખ્યા નથી કહી શકાતી. બધો જ આધાર તમારા હૃદયની શુદ્ધિ પર, મનની એકાગ્રતા પર, વાસનાઓની નિવૃત્તિ પર, ઈશ્વરને માટેના પ્રબળ, પરમ પ્રબળ પ્રેમના પ્રકટવા પર, તેમજ ઈશ્વરના દર્શન માટેની વ્યાકુળતા પર રહે છે. નામજપ સાધન છે. એક સચોટ સાધન છે અને એના અનુષ્ઠાનથી એવી સિદ્ધિ કરવાની છે. ઈશ્વરદર્શનનો આનંદ ત્યારેજ મળી શકે છે. એ આનંદ ન મળે ત્યાં સુધી નામજપ કરતા રહેવું એ જ ઉચિત છે.

પ્રશ્નઃ-મનનો લય સિદ્ધ કરવા શું કરવું ?

ઉત્તરઃ-મનનો લય કાંઇ એક બે દિવસમાં નથી થતો. તેને સિદ્ધ કરવા માટે તો ભારે પરિશ્રમ કરવો પડે છે. વરસો સુધી જે નિયમિત રીતે ઉત્સાહપૂર્વક ધ્યાન કે જપની સાધનાનો આધાર લે છે, તે કોઈ ધન્ય ઘડીએ કે ધન્ય દિવસે લયની દશાની પ્રાપ્તિ કરે છે. એ દશામાં મન શાંત થઈ જાય છે. દેશ કે કાળનું ભાન ભૂલી જવાય છે. શરીરનું ભાન પણ નથી રહેતું. એ દશા વધારે કે ઓછા વખતને માટે પ્રાપ્ત થાય તો પણ ઊંડા સુખનો અનુભવ કરાવે છે.

પ્રશ્નઃ-એ દશાની પ્રાપ્તિ માટે કોઈ ક્રમ ખરો ?

ઉત્તરઃ-ક્રમ કેમ ના હોય ? કોઇ પણ દશાની ઉપલબ્ધિ

કંઇ એમ ને એમ નથી થતી. એની પાછળ વિકાસનો ચોક્કસ ક્રમ રહેલો હોય છે. અંતિમ વિકાસ પણ ક્રમવાર વિકાસના પરિણામરૂપે જ થતો હોય છે. સૌથી પહેલાં મનની શાંતિ થાય છે. અથવા તો કહો કે મન સદ્‌ગુણ, સદ્‌વિચાર ને સદ્‌ભાવથી સંપન્ન ને સાત્ત્વિક બને છે. તે પછી મન ચંચળતા, વાસના, વિકાર, અહંતા તથા રાગદ્વેષમાંથી છૂટીને સ્થિર બને છે. આવું મન જ્યારે જપ ધ્યાન કે પ્રાર્થના જેવી અંતરંગ સાધનામાં જોડાય છે, ત્યારે સહેલાઈથી શાંત થાય છે. એવું એકાગ્ર થયેલું મન છેવટે લય પામે છે. એટલે લયની પાછળ–મનની શુદ્ધિ, સ્થિરતા અને શાંતિનો ચોક્કસ ક્રમ હોય છે.

પ્રશ્ન:–ઈશ્વરદર્શનમાં કોઇ પ્રકાર ખરા ?

ઉત્તર:–જ્ઞાનીનું ઈશ્વરદર્શન એ જ છે અને યોગીનું પણ. પરંતુ ભક્તનું જરા જુદું હોય છે. ભક્ત સગુણ ઈશ્વરનું ધ્યાન ધરે છે. એટલે મનના લયની દશામાં તેને ઈશ્વરના સગુણ સ્વરૂપનું દર્શન થાય છે. એવું દર્શન પ્રેમની પ્રબળતાને લીધે તેને જાગૃતિદશામાં પણ થઇ શકે છે. એવું દર્શન ઘણા ભકતોને થયેલું છે અને આજે પણ જે ધારે તેને થઇ શકે છે. એને માટે તીવ્ર પ્રેમ તથા તલસાટ અને એકધારો પુરુષાર્થ જોઇએ. એવા પ્રેમ, તલસાટ ને પુરુષાર્થથી તમે પણ ઈશ્વર દર્શન કરી શકો છો.

પ્રશ્ન:–એ દશામાં ચિત્તનું શું થતું હશે ?

ઉત્તર:–એ દશામાં ચિત્ત સંકલ્પ ને વિકલ્પથી રહિત કે શાંત થાય છે. અને કોઇ વિરલ સંજોગોમાં પોતાના મૂળ સ્વરૂપ પરમાત્મામાં મળી જાય છે. જ્યારે તે કેવળ શાંત



થાય છે, ત્યારે જડ સમાધિ થઈ એમ કહેવાય છે, ને જ્યારે તે મૂળ સ્વરૂપમાં મળી જાય છે, ત્યારે ચેતન સમાધિની પ્રાપ્તિ થઇ એવું ગણાય છે.

પ્રશ્ન:–ચિત્તના લયથી દશા અને સમાધિમાં કોઇ ફરક ખરો ?

ઉત્તર:–ચિત્તના લયની દશાનેજ સમાધિ કહેવામાં આવે છે. એ દશામાં દેહભાન નથી રહેતું. કાળનું ભાન કે ધ્યાન પણ નથી રહેતું અને આજુબાજુના વાતાવરણનું અથવા તો બાહ્ય જગતનું પણ વિસ્મરણ થઇ જાય છે.

પ્રશ્ન:–સમાધિના કોઈ ભેદ છે ખરા ?

ઉત્તર:–મુખ્ય ભેદ તો બે છે. જેમાં સાધકને પરમાત્માનો અપરોક્ષ અનુભવ થાય તે અને જેમાં એવો અનુભવ નથી થતો તે. છતાં શાસ્ત્રોએ સવિકલ્પ તથા નિર્વિકલ્પ સમાધિ એવા બીજા બે ભેદ પણ પાડેલા છે.

જે સમાધિમાં ચિત્તનો થોડોક પણ અંશ જાગ્રત રહે છે તથા તેની મદદથી ચિત્ત કાંઇક અનુભવ કરે છે, તે સમાધિને સવિકલ્પ કહેવામાં આવે છે. ચિત્ત તેમાં સંપૂર્ણપણે શાંત નથી થતું. પરંતુ જેમાં સંપૂર્ણપણે શાંત થાય છે, અને કશુંજ જોતું અથવા અનુભવતું નથી, તે સમાધિને નિર્વિકલ્પ કહેવામાં આવે છે.

પ્રશ્ન:–તો તે વખતે શેનું અસ્તિત્વ રહેતું હશે ?

ઉત્તર:–એ વખતે કેવળ આત્મસત્તાનુંજ અસ્તિત્વ શેષ રહે છે. તેને પરમાત્મા પણ કહે છે. તેમાં તેના સિવાય

બીજું કંઈજ નથી રહેતું. એ પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ કરીને ચિત્ત એની સાથે એકાકાર કે એકરૂપ બની જાય છે. એટલે શરૂઆતમાં દરેક સાધક સવિકલ્પ સમાધિમાંથી પસાર થાય છે. અને આખરે નિર્વિકલ્પમાં મળી જાય છે.

મહત્ત્વાકાંક્ષા નિર્દય છે; જેનો પોતે ઉપયોગ ન કરી શકે તેવા કોઈ પણ ગુણ એને મન તિરસ્કારપાત્ર બને છે.

× × ×

આપણામાંના સહુથી મોટા દુષ્ટોમાં પણ એટલું બધું શુભ રહેલું છે, અને આપણા પૈકીના સર્વશ્રેષ્ઠોમાં પણ એટલી મલિનતા વસેલી છે, કે આપણામાંથી કોણે બાકીના બીજા બધાને સુધારવા ઘટે તે કહેવું મુશ્કેલ છે.



# મનની શાંતિ

ગૌતમ ભટ્ટ

પોતાની જાતને બુદ્ધિશાળી માનીને ગર્વથી ફરનારા આપણે ખરેખર કેટલા મૂર્ખ છીએ? જે વસ્તુ આપણી અંદર છે તેને બહારની દુનિયામાં શોધવા વ્યર્થ ફાંફાં મારીએ છીએ. આપણા એકલાની કયાં વાત છે? જગત આખું આજે અશાંતિમય અને વિષાદથી ભરેલું લાગે છે. આપણા રોજીંદા જીવનમાંથી પણ શાંતિએ દેશવટો લીધો હોય તેમ લાગે છે.

જગતમાં દરેક જીવ શાંતિને ઝંખે છે. કોઈ અશાંતિની ઇચ્છા રાખતું નથી. પરંતુ જ્યાં સુધી શાંતિનો ચાહક પોતે શાંત નહીં થાય, ત્યાંસુધી તેને શાંતિ મળવી અસંભવ છે. શાંતિની ઝંખના રાખનારા આપણે સહુએ પોતાની જાતને નીચેના પ્રશ્નો પૂછવા જોઇએ. જો તે પ્રશ્નોનો જવાબ "હા" માં હોય તો સમજવું કે શાંતિ મેળવવા માટેની લાયકાત હજુ આપણે કેળવી નથી અને જો પ્રશ્નોનો જવાબ "ના" માં હોય તો સમજી લેવું કે મનની શાંતિની આપણે નજીક છીએ.

૧. શું આપણી કાર્યવાહી એવી છે કે જેથી બીજાને અશાંતિ ઉપજે છે?

૨. આપણે બીજાની પાસે શું છે તેનો જ વારંવાર વિચાર કરીએ છીએ? આપણી પાસે જે છે તેનાથી અસંતોષની લાગણી અનુભવીએ છીએ?

૩ બીજાનું સારું થતું જોઇ આપણને ઈર્ષા જાગે છે?

૪. આપણે વારંવાર બીજાના દોષો તરફ અંગુલિનિર્દેશ કરીએ છીએ? આપણા પોતાના દુર્ગુણો તરફ આંખમીંચામણાં કરીએ છીએ?

૫ નાની નજીવી બાબતોની આપણે બીજાઓ આગળ વારંવાર ફરિયાદ કરીએ છીએ? પ્રતિકૂળ સંજોગો આવતાં સહનશક્તિ ગુમાવી બેસીએ છીએ?

૬ આપણા ખર્ચના બજેટમાંથી મોટો ભાગ મોજશોખ અને રંગરાગમાં ખર્ચીએ છીએ? કોઇને મદદરૂપ થવાનો પ્રસંગ આવે ત્યારે આપણી અશકિત જાહેર કરીએ છીએ?

૭ આપણી આર્થિક પ્રવૃત્તિ કરતાં છળ, પ્રપંચ અને અનીતિનો માર્ગ અપનાવીએ છીએ?

મનની શાંતિના ચાહકે અસત્યને ત્યજવું અને સત્યનો જ આદર કરવો જોઇએ. પોતાની ઇચ્છાઓ પર અકુંશ મૂકવો જોઇએ. અને પ્રભુએ જે આપ્યું છે તેમાં સંતોષની લાગણી અનુભવવી જોઇએ. તેનો અર્થ એવો નથી કે પોતાની પ્રવૃત્તિ વિકાસ કે પ્રગતિ અટકાવી દેવી. માણસ ગમે તે સ્થળે ગમે તે પ્રવૃત્તિ કરે પણ સંતોષની લાગણીને તેના મનની શાંતિ સાથે સીધો સંબંધ રહેલો છે.

આ સિવાય મનની શાંતિ માટે જેણે પરમાત્માને મેળવી પરમશાંતિ પ્રાપ્ત કરી છે, તેવા સંતપુરુષોનો સમાગમ કેળવવાની ટેવ પાડવી જોઇએ. આવા સંતપુરુષો શાંતિના ફિરસ્તા કે શાંતિના દૂત હોય છે તેમને કોઇ સ્વજનનું મૃત્યુ થયું તો પણ શું? કોઇનો જન્મ થયો તો પણ શું?



કોઇએ તિરસ્કાર કર્યો તો પણ શું? કોઇએ આવકાર આપ્યો તો પણ શું? કોઇએ અપમાન કર્યું તો પણ શું અને કોઇએ વખાણ કર્યા તો પણ શું? હરકોઈ પરિસ્થિતિમાં તેઓ શાંત જ રહે છે. તેમના મુખમંડળ પરની રેખાઓ તેવી જ શાંત, ગંભીર અને પ્રસન્ન રહે છે. પ્રસંગો અને પરિસ્થિતિ બદલાતાં તે બદલાતી નથી.

પરંતુ આ તો થઇ અસામાન્ય જીવોની વાત આપણા જેવા સામાન્ય મનુષ્યે તો સૌ પ્રથમ આપણા જીવનમાંથી માનસિક તનાવ, અને અજંપામાંથી મુકિત મેળવવાની જરૂર છે. આપણી સ્થિતિ તો સાગરમાં રહેતા માછલા જેવી છે. જેણે કદી કિનારાને જોયો નથી, કિનારાની બહાર પગ મૂકયો નથી. સંતપુરુષોએ તો સાગરની પેલે પાર, કિનારાની મંઝીલને પ્રાપ્ત કરી લીધી છે. આપણે તો હજુ તે દિશામાં પાપા પગલી માંડતા શીખવાનું છે. ચાલો, આપણે જે દિશા ભૂલી ગયા છીએ તે દિશાને શોધવાનો સંકલ્પ કરીએ, ને તે ક્ષેત્રમાં પગલાં માંડીએ.

અમુક કામ તમે કરી શકશો કે નાહ તે અંગે તમારી જે કોઈ માન્યતા હોય – તે સાચી જ હશે.

*

મારગમાં તમને જે તુફાનો ભેટ્યાં તેમાં જગતને રસ નથી; તમે નૌકા પાર ઉતારી કે નહિ?

# " તે દૂર પણ છે ને પાસે પણ "

## तद्दूरे तदन्तिके

જે. વી. શાહ

હિમાલયના જંગલોમાં કસ્તુરી મૃગ વસે છે. એ મૃગની ડૂંટીમાં કસ્તુરી નામનું સુગંધીદાર દ્રવ્ય પેદા થાય છે; જે ખુબ જ અમુલ્ય ગણાય છે.

પરંતુ ડૂંટીમાં રહેલી કસ્તુરીની જ્યારે એને સુગંધ આવવા માંડે છે, ત્યારે આ સુગંધની શોધમાં મૃગ જંગલમાં ભટકવા માંડે છે. મૃગ બિચારો જાણતો નથી કે જે સુગંધની શોધમાં એ ભટકે છે, તે તો એની ડૂંટીમાંજ રહેલી છે. એની એકદમ પાસે છે, પરંતુ એ એની શોધમાં બહાર બીજે દોડાદોડ કરે છે.

આપણે પણ આ કસ્તુરી મૃગ જેવા જ છીએ. ઈશ્વર જે આપણી અંદર રહેલો છે, એને આપણે બહાર બધે શોધીએ છીએ. બહાર મંદિરોમાં, મસ્જીદો દેવળો કે ઈમામખાનાંઓમાં. પણ ત્યાં ઈશ્વરની પ્રતિમા જરૂર છે, પણ આપણે જે પ્રયત્ક્ષ ચિન્મય પ્રભુને જોવા ઇચ્છીએ છીએ, તે ત્યાં કયાથી મળે ?

આપણામાંજ રહેલી ચેતન શક્તિની શોધ એ ઈશ્વરનીજ શોધ છે. એ શોધ સહેલી કે સરળ નથી, છતાં એ અશકય નથી પ્રયત્ન સાધ્ય છે. સાચી વાત એ છે કે આપણે બહારના જગત સાથે એટલા બધા ઓતપ્રોત થઈ ગયા છીએ કે અંદરના એ ચેતન તત્ત્વ સાથેનું અનુસંધાન ગુમાવી બેઠા



છીએ અને તેને ફરી સાધવાની આપણને ફુરસદ જ નથી.

કારણ !

આપણે કુટુમ્બ, સમાજ, રાજ્ય ને વ્યકિતગત ધંધાકીય કે સામાજિક પ્રવૃત્તિઓમાં ખૂબજ ગળાબૂડ ડૂબી ગયા છીએ કે અંદરના સામ્રાજ્યને સાવ ભૂલી, પોતાના દેહનેજ સર્વસ્વ માની બેઠા છીએ. એનીજ આળપંપાળ ને સુખ માટે મથી મરીએ છીએ.

આથીજ આ અંદરનો માર્ગ આપણા માટે અજાણ્યો રહી જાય છે. એ માર્ગે જવામાં આપણને ભય લાગે છે. માણસ બીજાઓ સાથે જીવી શકે છે. પરંતુ એને પોતાની એકલી જાત સાથે જીવતાં જાણે કે બીક લાગે છે.

આથી આપણે એકલા પડીએ ત્યારે રેડિયો વગાડવાનું, સીનેમા જોવાનું કે મિત્રો સાથે મળવાનું ગોઠવીએ છીએ. ને કંઈ ન મળે તો જીવનમાં જે જરાય ઉપયોગી નથી એવાં મન બહેલાવતાં કે બહેકાવતાં ચોપાનિયાં કે પુસ્તકો લઈને સમયનો બગાડ કરીએ છીએ. આ બધી પ્રવૃત્તિઓ આપણી બહિર્મુખતાને ટકાવી રાખે છે. એટલે આપણને એકલા પડતાં અટકાવે છે. ને આપણે જાણે કે કશાકથી બચી ગયા કે કંટાળાથી ઉગરી ગયાની લાગણી અનુભવીએ છીએ. પરંતુ જીવનમાં એક એવીય ક્ષણ આવે છે, જ્યારે આ બધાથી પણ કંટાળો આવે....પણ ત્યારે માણસ જાય કયાં ?

એ માટે કોઇ અન્ય માર્ગ છે ખરો ?

અવશ્ય છે. જો એ જવા માંગતો હોય તો એને માટે બીજો માર્ગ જરૂર છે. તે છે અંદરનો માર્ગ. અંતરમુખ

થવાનો માર્ગ. એકલા બેસવાનો માર્ગ. મન ને ઇંદ્રિયોની ઉત્તેજનાને શાંત કરનારો માર્ગ.

એ માર્ગે જવા માટે કર્મેન્દ્રિયોને બહારના પદાર્થોમાંથી પાછી વાળી લેવી પડશે. ને મનને પણ સંકલ્પ વિકલ્પોમાંથી મુકત કરવું પડશે.

વ્યવહારમાં પણ જ્યારે કોઇનો ટેલિફોન આવે ત્યારે આપણે–આસપાસના સ્વજનોને શાંત રહેવા કહીએ છીએ કે જેથી ટેલિફોનમાં સામેથી આવતા અવાજ આપણે બરાબર સાંભળી શકીએ. કોલાહલ કે ઘોંઘાટમાં જેમ ટેલિફોનની વાત પણ બરાબર સાંભળી કે સમજી શકાતી નથી, તે રીતે આપણા અંતરાત્મા સાથે આપણે જ્યારે વાત કરવા ઇચ્છતા હોઇએ ત્યારે બહારના કોલાહલને શાંત પાડવા જોઇએ. તે સિવાય અતરના અંતરતમમાંથી ઉઠતો એ અવાજ નહિ સંભળાય; કારણ કે અંતર આત્માનો એ અવાજ ધીમો હોય છે. એની કોઈ ભાષા મોટી નથી. એ અવાજ સંકેત જેવો હોય છે. શુદ્ધ અંતઃકરણવાળા સાત્ત્વિક માનવો જ તે સાંભળી ને સમજી શકે છે.

પૂ. મહાત્મા ગાંધી આવા અવાજને સાંભળી શકતા; કારણ કે એ અવાજ સાંભળવાની યોગ્યતા એમણે કેળવી હતી. એટલે જ ગમે તેવી કટોકટીની પળે, એમને નિર્ણય કરતાં સમય લાગતો નહિ. અંતરાત્માના આદેશને તેઓ ઈશ્વરનો આદેશ માનતા અને પછી એક સૈનિકની અદાથી એનું અનુશરણ ને પાલન કરતા.



આપણે પણ એ અંતરાત્માના અવાજને સાંભળવો હશે તો પહેલાં આપણી જાતને તૈયાર કરવી પડશે. આપણા મનમાં ઉઠતા કોલાહલોને શાંત કરવા પડશે. તે માટે વ્યવસ્થિત રીતે પ્રત્યાહાર, ધારણા ને ધ્યાનનો અભ્યાસ કરવો પડશે. આપણામાં રહેલા ષડ્ રિપુઓ જેવા કે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર અંદરના આ રિપુઓને જીતવા પડશે. ત્યારે એ કોલાહલ શાંત થશે. અંદરના આ રિપુઓને જીતવા અઘરા છે કેમકે એમને આપણે પ્રત્યક્ષ જોઈ શકતા નથી. મનની ગુફામાં એવા તો એ ભરાઈ બેઠેલા છે, કે પ્રસંગ પડે નહિ, ત્યાં સુધી એમના અસ્તિત્વની આપણને જાણ સુદ્ધાં થતી નથી. આ આપણા સહુનો અનુભવ છે. વળી તેઓ કયારે ને કેવી રીતે હુમલો કરશે, તેની આપણને ખબર પડતી નથી. એટલે આપણે સતત જાગ્રત રહેવું પડશે. એથીજ કહેવાયું છે કે "જે જાગે છે તેજ જીતે છે."

જીવનમાં સાચો પુરુષાર્થ કહો તો તે અંદરની મુસાફરીનો છે. જે સૌથી પાસે છે, તેને પહોંચવાની મુસાફરીનો. પરંતુ કરોડોમાંથી કોકજ એ અંદરની મુસાફરી કરવામાં સફળ નીવડે છે. તેથીજ કહેવાયું છે કે तद् दूरे तदन्तिके । ઉપનિષદ્‌ના એ વાકયમાં દેખીતા વિરોધાભાસ છતાં મહાન આધ્યાત્મિક સત્ય છૂપાયેલું છે. જેને આપણા એક ભકત કવિએ કેવી સરસ રીતે ગાયું છે !

'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઇ દેખે નહિ.

આનો સીધો સાદો અર્થ એટલોજ કે તરણા જેવા આ શરીરમાં ડુંગર જેવો મહાન આત્મા રહેલો છે, પણ કોણ જુએ છે એ ડુંગરને ? બધા તરણા જેવા શરીરને

જોયાં કરે છે. આમ આત્મા એ મનુષ્યનો સૌથી નિકટતમ સાથી છે, છતાં આપણે એનાથી હજારો ગાઉ દૂર રહી જઈએ છીએ. એ સ્વયં સમર્થ ને પ્રકાશવાન હોવા છતાં, આપણે એને જીવનભર જોઈ શકતા નથી. કેવી કરૂણતા છે! આપણે એ વિષે કદી વિચારીએ છીએ પણ ખરા!

જ્યારે તમે બે જણને સુખી કરો ત્યારે એ બેમાંથી એક તમે પોતે જ હશો.

*

સુખ એ કોઈ મંઝિલનું નહિ પણ માત્ર અમુક દિશાનું નામ છે.



# પાષાણમાંથી પૂજનીય પ્રતિમા.

શાસ્ત્રી પ્રીતમપ્રસાદ દાસ

એ જાતના દરબાર હતા.
'મહારાજ મને શરણે લ્યો.'
'શરણે તો લઈએ, પણ પછી નિયમ-ધર્મ પાળવા જોઈશે.'
'પાળીશ.'
'બીડી પીઓ છો?'
'હા'
'કેટલી?'
'રોજની ચાળીશ.'
'તે બંધ કરવી પડશે.'
'હા, આજથી નહિ પીઉં!'
'લૂંટફાટ ક્યારથી બંધ કરવાના છો?'
'ગઈ કાલે ત્રણને લૂંટ્યા. હવેથી બંધ!'

સહજાનંદ સ્વામી મુમુક્ષુઓને બરાબર ચકાસતા. ઉતાવળે કોઈને શિષ્ય બનાવતા નહિ પહેલાં એને ભીડામાં લેતા.

મલકમાં દરબાર વેરાભાઈની હાક વાગે. એનું નામ સાંભળીને ઘરનાં બારણાં બંધ થઈ જતાં, સરકારી કચેરીઓને તાળાં દેવાઈ જતાં. વેરાભાઈ ઝાડ ઉપર ચઢીને સીટી વગાડે ત્યાં તેમની આસપાસ સાગરીતોનું વર્તુળ તૈયાર થઈ જાય. પછી ત્યાં ખજાના ફાડવાની યોજનાઓ ઘડાય. આ યોજનાઓ એવી સચોટ બનતી કે નક્કી કરેલા દિવસે, સમયે ને સ્થળે, નક્કી કરેલા માણસો ધાડ પાડે જ પાડે.

વેરાભાઇને કોઈ પકડી શકે નહિ ! એમનું નામ સાંભળીને દુશ્મનો પોબારા ગણી જતા.

હવે ચોરી, લૂંટ–ફાટનો ધંધો છોડી તેઓ સત્સંગી બન્યા હતા. એમની રીતભાત બદલાઈ ગઇ, રહેણીકરણી બદલાઈ ગઇ. એમના મનનું કલેવર ઝડપથી બદલાતું ગયું. એટલે સુધી કે ભૂલથી પણ કોઇને મારવાનો સંકલ્પ થઈ જાય તો ઉપવાસ કરી નાખતા. સત્સંગીઓ એમને વેરા ભગત કહીને બોલાવતા.

એક વખત તેઓ સહજાનંદ સ્વામીનાં દર્શને આવવા નીકળ્યા. ચોમેર લતાઓ પથરાઈ હતી. કોઇકના ખેતરમાં એક લીલુંછમ બાવળનું ઝાડ એમણે જોયું. ' આ બાવળ-માંથી દાતણ કાપ્યું હોય તો કૂચો સરસ થાય.' એવું વિચારી તેમણે કાપ્યું. પણ તેમની અંદરનો આત્મા બોલી ઊઠ્યો, ' આ ખોટું કર્યું. ભગવાનની આજ્ઞા છે કે 'ફૂલ, ઇંધણ વગેરે પણ માલિકને પૂછ્યા વગર ન લેવાં. મેં ખેતરના ધણીની રજા વગર આ દાતણ કાપ્યું ! મહારાજની આજ્ઞાનો ભંગ કર્યો.' વિચારનો કરોળિયો મનમાં જાળાં ગૂંથવા લાગ્યો : 'શું કરવું ? કોને કહેવું ? શું મનને ઠપકો દેવો ? પોતે પોતાના પર ક્રોધનો ટોપલો ઠાલવવો ? ઉપકાર કરવો ? લાંબો સમય મૌન પાળવું ? મનમાં જેટલી ચોરી કરવાની ભાવના થઇ તેથી દશગણું દાન કરવું ? નીચા જોણું થઈ ગયું હતું. મહારાજનો રાજીપો મેળવેલો, તે પાછો કેમ મેળવાશે ? એને થયું સત્સંગી છું છતાં આવો દુષ્ટ વિચાર કેમ આવ્યો ?'

ઘેર જઇ એ પલંગે બેઠા. કપડા બદલી હાથ મોં ધોયાં. ગોડીનાં પદ ગાયાં. ઠાકોરજી આગળ ઘીનો દીવો કરી આરતી



કરી. વાળું કરી થોડીવાર આંટા માર્યા પત્નીએ તૈયાર કરી આપેલ ઢોલિયામાં તેઓ સુવા ગયા. નિયમની માળા ફેરવવાની બાકી હતી, તે ફેરવવા લાગ્યા. ત્યાં પોતાના અંતરને મૂંઝવી રહેલો પ્રશ્ન આગળ ધસી આવ્યો : ' પાપ થઇ ગયું છે, તેનું પ્રાયશ્ચિત્ત શું ?' એક માળા પૂરી થઇ. ત્યાં મનમાં ઝળહળાટ થયો કે 'ભૂલ તો સૌની થાય, પણ અંતે તો સુધરવાનું છે જ. ફરી ફરી ભૂલ ન થવી જોઇએ. હવે કયારેય સંતાપ કરવાનો વખત ન આવે એવું કાર્ય કરી લેવું.' એમનું અંતઃકરણ સત્ત્વગુણથી ભીનું થઈ ગયું.

સાંજનો સમય હતો. અંધારાએ પાપાપગલી શરૂ કરી દીધી હતી. ખેતરનો માલિક ખાટલા પર બેસીને હોકો ગગડાવતો હતો. બાજુમાં ખેડૂત પત્ની પણ બેઠાં હતાં. વાવણીની વાતો ચાલતી હતી. એવામાં એક કદાવર માનવી ડેલીમાં પ્રવેશ્યો. એને રોકવો મુશ્કેલ હતો. આકુળ વ્યાકુળ હતો રડતા બાળકો શાંત થઈ ગયા. પત્નીએ હોકાની નાળ ખેંચીને બાજુમાં મૂકી દીધી.

'માફ કરો ભાઈ, હું ચોર છું.' એમ કહીને આ માનવી ખેડૂતના પગમાં લાકડીની જેમ પડી ગયો. ખેડૂતે તેને ઊભા કરવા પ્રયત્ન કર્યો પણ તે ઊંચકાયો નહિ.

'અરે વેરા ભગત તમે ? શું થયું વાત તો કરો...આમ એકા એક...!'

'તમારા ખેતરમાં ઊગેલા બાવળના ઝાડમાંથી તમને પૂછ્યા વગર એક દાતણ કાપ્યું છે ક્ષમા માગવા આવ્યો છું. શિક્ષાપત્રીમાં આદેશ છે કે 'ધર્માર્થે પણ ચોરી ન કરવી.' તો

મારા માટે ચોરી કેમ થાય? પશ્ચાતાપથી કૂણું બનેલું હૈયું બોલવા લાગ્યું.

'હશે, વેરાભાઇ ! રાત્રે ચોરલોકો અમને પૂછ્યા વગર શેરડી વાઢી જાય છે. અરે, ખળામાંથી અનાજ લઈ જાય છે. આ તમે તો એક દાતણ જ લીધું. એમાં શું થઇ ગયું ?' ખેડૂતે કહ્યું.

'ના, મારે સ્વામીનો રાજીપો નથી ગુમાવવો. તલ જેટલીયે કસર એમને ગમતી નથી. મારાથીયે અણિશુદ્ધ વર્તનવાળા એમણે હજારો ભકતો બનાવ્યા છે.'

ભગવાન સ્વામીનારાયણના સત્સંગીની આ સાધુતા જોઇને ખેતરવાળો આભો જ બની ગયો! કાળ જેવો વેરો! પાપનો પર્વત! એના દિલમાં દયાનો છાંટોયે નહિ તલવારના ઝાટકે ગુજરાન કરનારો આ વેરો. એક વખતનો અવ્વલ નંબરનો ગઠિયો. સિંહની બોડ પાસે જાય તો સિંહ ખસીને એને મારગ આપે, એવો આજે દાતણના ટુકડા માટે માફી માગે છે! ખરેખર સ્વામીનારાયણે થોરે કેળાં પકવ્યાં છે.'

હજુ વેરાભાઇને આત્મસંતોષ થયો નહોતો. તેને સમસ્યાનો કાયમી ઉકેલ શોધવો હતો. બાંધછોડ કરીને ચલાવી લેવું નહોતું. તેઓ સહજાનંદ સ્વામી પાસે આવ્યા. હૃદય ખોલીને વાત કરી કે 'મારાથી આપની આજ્ઞાનો ભંગ થઈ ગયો છે. રજા વગર દાતણ કાપ્યું છે.' તેની આંખોમાં પશ્ચાત્તાપની છાયા સ્પષ્ટ દેખાતી હતી.

'વેરાભાઈ, પશ્ચાત્તાપથી પાપ ધોવાય છે. માયાના પંથમાં રહે તે બધાંની ભૂલ તો થાય. ભગવાન અને સંત



અપરાધ માફ કરવા બેઠા છે. હવે ફરી અપરાધ ન કરવા.' સહજાનંદ સ્વામીએ તેમને આશીર્વાદ સાથે આશ્વાસન આપ્યું.

સહજાનંદ સ્વામીએ વેરાભાઇને પોતાની સાથે રાખ્યા. ગામડાઓમાં તેમને સાથે લઇ જતા. સાથે કાઠી–દરબારો તેમજ સંત પરમહંસનો સંઘ રહેતો. જ્યાં જ્યાં જતા ત્યાં વ્યસનમુકિત તેમજ સ્વભાવ મૂકવાની વાતો થતી. 'મનુષ્ય દેહ દુર્લભ છે. તેનાવડે આત્મ કલ્યાણનું કાર્ય કરી લેવું. આપણે કયાંથી આવ્યા અને કયાં જવાનું છે તેનો વિચાર રાખવો. એક દિવસ જરૂર આ લોકનો ત્યાગ કરવાનો છે. વગેરે વાતોથી વેરાભાઇને આનંદ થતો. તેનું ઘડતર થતું. વેરાભાઈ થોડા મહિના સ્વામી સહજાનંદજી સાથે રહ્યા. એક દિવસ તેમણે કહ્યું :

'મહારાજ, હવે રજા આપો. આપે ખૂબ કૃપા કરી.' વેરાભાઈએ ઘેર જવાની ઇચ્છા વ્યકત કરી.

'લો, આ હાર. ભગવાનને ભજજો.' એમ કહી સહજાનંદ સ્વામીએ પોતાની કોટમાંથી ગુલાબનો મોટો હાર કાઢી વેરાભાઇને પહેરાવ્યો.

'મહારાજ, મારા પર એવી દયા કરો કે મારાં બધાં બંધન કપાઈ જાય. નિર્દોષ થાઉં.' વેરાભાઇએ આશીર્વાદ માગતાં કહ્યું.

'મારી દયા એટલે શું તે જાણો છો, દરબાર?'

'હા, મહારાજ. જાણું છું. મહેર કરજો' એમ કહી તેઓ ઘેર ગયા.

માણસ જ્યારે જૂની વ્યવસ્થા છોડીને નવાં પગરણ માંડે, ત્યારે હંમેશ વિરોધનો વંટોળ આવે છે. તેમાંથી તેને પાર થવાનું રહે છે. એને ઝીલવાની શક્તિ હોય તે જ એમાં આગળ વધી શકે છે.

ગામમાં વેરાભાઇ પર સૌએ છાણાં થાપ્યાં. ભરપેટ દુઃખ દીધું એક વરસમાં એમના કુટુંબનાં એકવીસ માણસો મરણ પામ્યાં. વેરાભાઇ સમજી ગયા કે આજ મહારાજની દયા. આ જ એમના આશીર્વાદ! મીરાંબાઈ અને નરસિંહ મહેતા પર ભગવાનની આવી જ દયા હતી ને! સંસારની આસક્તિ પ્રભુ આમ જ છોડાવેને!

ધીરજની પણ હદ હોય છે. એ ખૂટે ત્યારે માણસ વિફરે- પોતાપર અને બીજાપર. અથવા સદાને માટે આત્મઘાત કરે. પણ વેરાભાઇએ એવું કંઈ ન કર્યું. એમણે ગેરુ મંગાવી કપડાં રંગી નાખ્યાં. મહારાજ પાસે આવ્યા અને સાધુ બની ગયા. અંતરથી તો સાધુ હતા જ, હવે બહારથી પણ બન્યા, મહારાજના સાન્નિધ્યમાં રહેવાની ઇચ્છા પૂરી થઈ. તેઓ સંતોના નિયમ ધર્મમાં રહેવા લાગ્યા. ધનનો સ્પર્શ થઈ જાય તો પચ્ચીસ વખત હાથ ધોઈ નાંખતા સ્ત્રીનો સ્પર્શ થઇ જાય તો નિર્જલા ઉપવાસ કરી નાંખતા. શિક્ષાપત્રી તથા ધર્મામૃત પ્રમાણે વર્તતા.

એક વખત વેરાભાઈ મંડળી સાથે ભજન ગાતાગાતા જઇ રહ્યા હતા. રસ્તામાં કોલાહલ સંભળાયો. દરબારો બાંયો ચડાવતા હતા. તુચ્છ વસ્તુઓ માટે ધિંગાણું મંડાયું હતું. થોડીવારમાં હથિયારો ઊંચા થયાં. વેરાભાઇએ તેમાં ડોકયું કર્યું. તેમનો ક્ષાત્રય સ્વભાવ પ્રબળ બન્યો. એમણે ભજન



બંધ કર્યું. એક કોળીના હાથમાંથી તલવાર ઝૂંટવી લીધી અને ધિંગાણામાં કૂદી પડ્યા. પણ સાથે ઢાલ ન હતી. તેથી ગોદડીનાં ગાભાંની ઢાલ બનાવી. વેરાભાઈને જોઇને જ શત્રુઓનાં હથિયાર હેઠાં પડયાં.

વેરાભાઇના હાથમાં જમદૂતની જીભ જેવી તલવાર જોઇને જ ઘણાને થયું કે, હમણાં ત્રણ ચારનાં માથાં જુદાં થશે. લોહીનું ખાબોચિયું ભરાશે. પરન્તુ એવું ન થયું. કોણ જાણે એકાએક વેરાભાઇની તલવાર પાછી વળી. ભગવાન સ્વામીનારાયણનો ઉપદેશ યાદ આવ્યો : "સાધુએ કયારેય હથિયાર ધારણ ન કરવું....જાણીને તો જૂ, માંકડ, ચાંચડ જેવાં જીવની પણ હિંસા ન કરવી...અહિંસા એ પરમ ધર્મ છે.'

બસ. વેરાભાઇએ મનપર કાબૂ મેળવી લીધો. ક્ષત્રિયપણાનો જુસ્સો, તથા હાથમાં તલવાર છતાં સત્સંગના પ્રતાપે શાંત ઊભા રહી ગયા. તેમણે તલવારનો કોઈ પર ઘા કર્યો નહિ. એ જોઇ વિરોધીઓ મૂંઝાયા. પરંતુ એમને તો સરસ લાગ મળી ગયો. અચાનક તલવારનો ઘા ઝીંકયો. ક્ષણવારમાં વેરાભાઇનો કાન કપાઇને નીચે પડયો. ગરમ ગરમ લોહીની ધાર છૂટી. પણ વેરાભાઇએ હથિયાર નીચે મૂકયું તે મૂકયું. એમને સામો ઘા કરવાની ઈચ્છા નજ થઈ.

વેરાભાઇને શાંત જોઈ શત્રુઓએ ધકકે ચડાવીને તેમને કાઢી મૂકયા. વેરાભાઇ કહે, "આ વગડો છે. સ્વામીજીના કહ્યે બધે ફરીએ છીએ. ભજન કરીએ છીએ. એમના ગુણ ગાઇએ છીએ. આજ્ઞા પાળીએ છીએ. કષ્ટ સહન કરીએ છીએ. બાકી આવું સહન ન કરીએ, દુશ્મનોનાં માથાં ભટકાડીને નાળિયેરની જેમ ફોડી નાંખીએ એટલી તાકાત આ કાંડાઓ-

માં ભરી છે. પણ શું થાય? એવું હવે થાય નહિ, કારણ અમે મહારાજના સાધુ થયા છીએ.'

વેરાભાઈએ વિચાર્યું 'આ પણ ભગવાનની કૃપા થઈ. આજ્ઞાભંગ કર્યો છતાં ભગવાને શુળીનું દુઃખ સોયે મટાડયું. ભગવાને જે કર્યું તે ઠીક જ કર્યું. મેં ભગવાં પહેર્યાં છતાં આયુધ ધારણ કર્યું, ક્રોધ કર્યો, તેની આ સજા થઈ!'

સ્વામી સહજાનંદજીએ વાત જાણી કે વેરાભાઈએ સાધુ થયા છતાં અહિંસા વ્રતનો ભંગ કરી હથિયાર ધારણ કર્યાં. આજ્ઞા વિરુદ્ધ વર્તન કર્યું તેથી કહ્યું : 'અમારા નિયમ પાળે તે જ અમારા સાધુ છે. તેમની સાથે જ અમારે સંબંધ છે. થોડી વાતમાં આકળા થઇ જાય એ અમારા નહિ. તાપ તો સહન કરવો પડે.'

વેરાભાઇનાં ભગવાં વસ્ત્રો ઊતરાવી સહજાનંદ સ્વામીએ તેમને સફેદ પહેરાવ્યાં. વેરાભાઇએ આ આજ્ઞા શિરોમાન્ય રાખી. પ્રચંડ ઉગ્ર સ્વભાવના એ પુરુષમાં સત્સંગના પ્રતાપે કેવી સાધુતા આવી! સહજાનંદ સ્વામીના સત્સંગે એમને કાળમીંઢ પાષાણમાંથી પૂજનીય પ્રતિમા બનાવ્યા.

એમનો સ્વભાવ, ગુણ ને પ્રકૃતિ બધુંજ બદલાઇ ગયું? કેવું અદ્ભૂત પરિવર્તન!



# પ્રતીતિ

( ઝુલણા છંદ )

નીરખ્યાં નયનો મધુ માતતણાં મને ત્યારથી એવી પ્રતીતિ થઇ
શુચિ ગંગા અને યમુના પ્રગટી વહેતી દિનરાત સદાય અહીં.
મળ્યું દર્શન ઉદ્ભવસ્થાનતણું સરિતાદ્વયનાં નયનોમાં મને
થયું સ્વર્ગ નહીં નવ મોક્ષ વળી હશે વૈકુંઠ અક્ષરધામ કશે?
વચનો સુણતાં મધુ માતતણાં મને મંગલ એવી પ્રતીતિ થઈ
મધુતા શુચિતા રસ સ્નેહતણી કવિતા જગમધ્ય અહીંથી વહી.
સુખશાંતિનું મંદિરપ્રાંગણ આ, પરમૌષધિ ક્લેશત્રિતાપતણી,
સહુ દેવ વસે મુનિસિદ્ધ હસે નવચેતન અદ્ભુત પામી અહીં.
મને શીતળ માતનો સ્પર્શ મળ્યો ત્યારે
અમૃતનું અનુમાન થયું,
થયું કે વસતા સહુ તીર્થ અહીં તપનાં ફળ શ્રેય રહે વ્રતનું;
પછી સોડમાં સિદ્ધિ નિહાળી બધી થયું
શાશ્વત આ જગની જનની,
હવે દેવની શોધ છે શેષ નહીં મને માતને દેખી પ્રતીતિ થઈ.

—યોગેશ્વર.

## " સંતોનો મહિમા "

સંતોના મહિમાને જગમાં જાણીએ;
    કરીએ મનથી વંદન વારંવાર જો! ટેક

સંતો કોઈ પર દ્વેષ કદી કરતા નથી;
    વહેતી દિલમાં કરુણા કેરી ધાર જો! ૧

સંતોને તો મોહ કદાપિ થાય ના;
    કાયમ રહેતી વૃત્તિ બ્રહ્માકાર જો! ૨

માન અને અપમાન સદાયે ત્યાગતા;
    સૌમાં નિરખે એતો શ્રીકિરતાર જો! ૩

નર-નારીનો ભેદ સદાયે ભૂલાય છે;
    રાખે એતો સૌ પર સરખો પ્યાર જો! ૪

ફરતા તીરથ જગમાં એ કહેવાય છે;
    પાવન એ તો પૃથ્વીને કરનાર જો! ૫

સત્ય-અહિંસા મનમાં એતો ધારતા;
    કરતા સૌના શ્રેય તણો વિચારજો! ૬

'જગદીશ' સૌને વંદન કરતો ભાવથી;
    સહુમાં મારો શામળિયો સરકાર જો! ૭

—જગદીશચંદ એસ. આચાર્ય ( સત્યસ્નેહી )



## આવી આવી રે સોહાગણ રાત?

આવી આવી રે સોહાગણ રાત!
    મનોરમ મોઝમ રાત!
        શણગાર મેં તો સહુયે સજયા.

ફૂહાન આવ્યા મુજ કુટિરે રળિયાત, સપરમા દિન સોહી રહ્યા
મારા દળદર ફીટ્યાં, સુપરભાત! સોનેરી સ્વપ્ન સાચાં રહ્યાં!
    —આવી આવી રે૦...

પ્રભુચરણ પખાળી ચરણામૃત લીધાં-દીધાં ઓહો અમે;
મારાં ભાગ્ય બન્યાં રે સમૃદ્ધ, બીજાનાં યે એવાં ગમે!
    —આવી આવી રે૦...

શગમોતી શી વૃત્તિના હાર ગૂંથ્યા મેં તો હૈયા છાબે;
વનમાળીને કંઠે ઉજમાળ ધર્યા, ત્યાં તો કેવા લાભે!
    —આવી આવી રે૦...

જોતજોતામાં હુંને શરમાળ કૃષ્ણે લપટી કંઠે લોભે;
એના કંઠે વૈજન્તી યે માળ મારા જેવી નહી રે શોભે!
    —આવી આવી રે૦...

ઓહો ઊઘલ્યો ત્યાં આનન્દઓઘ, એમાં થઇ રૈ ઝાકમઝોળ;
મને મળિયા મનમોહન અમોઘ, અંગેઅંગ કેવાં તરબોળ!
    —આવી આવી રે૦...

મોહન મળિયા જ્યાં મેઘમલ્હાર, મોરલિયા ગહેંકી ઊઠ્યા;
સારી રાત વરસ્યા રે આહ્‌લાદ, ત્રિકમજી હુંપે ત્રૂઠ્યા.
    —આવી આવી રે૦...

પ્રભુ આવ્યા તો જાશો ના ક્યાંય છોડીને–આ ભોળીને બસ;
હવે નિરન્તર મારે તે ઘેર મહેરામણ છલકે રસ કસ!
—આવી આવી રે૦...

આજે ભવસાગરની યે પાર પ્રભુએ ઉતારી મને;
મારા ટળિયા ચોરાશીના ભાર, ચિદાનન્દ અંતર મને.
—આવી આવી રે૦...

આવી આવી રે સૌભાગ્યની રાત!
મનોહર માઝમ રાત!
શૃંગાર મે તો સોળે સજ્યા.
—આવી આવી રે૦...

ડૉ. અશ્વિનભાઈ પટેલ



## કબરો

ભૂતકાળની કબરો ખોદી
મૂરખ મનવા! શું મળવાનું?
મુડદાંની બદબૂથી શીદને
ઉપવનને નાહક ભરવાનું?....ભૂતકાળની.

વહી ગયેલા જલને પાછું
ના બનવાનું વહાવવાનું
ચર્વિતનું ચર્વણ કરવાથી
કશુંય નક્કર નહીં સરવાનું.

ખણ્ડિત, મલિન દર્પણ કેવા
પ્રતિબિંબને ધરવાનું?
ફૂંફાસી જામેલો લાવા
આગ થકી જીવતર બળવાનું....ભૂતકાળની.

ભૂલી જા, દુઃસ્વપ્ન સમોવડ
ભૂતકાલની સઘળી વાતો,
સ્મરણે સ્મરણે કીટ કરમો
સંવિદ્દને જો કોરી ખાતો.

બળ્યા બીજને સલિલ સીંચ્યે
કાલાન્તે યે અંકુરવાનું?
જીર્ણ પર્ણના લેખ લખાયા:
વૃન્ત થકી આખર ખરવાનું....ભૂતકાળની

ગત પર આંસુ શાને, મૂરખ !
સમાલ સિફતે સાંપ્રતને,
સાંપ્રતનો સ્વામી ન શિલ્પી
ભાવિનો, જો ભૂલે ગતને
અનન્તતાના પારાવારે
વણ ડૂબ્યે જો છે તરવાનું,
પ્રભુતાના પાથેયે જીવતર
નવતર શ્રેયસથી વરવાનું...ભૂતકાળની.

ડૉ. રણજિત એમ. પટેલ (अनामी)

સત્યની સમીપે માણસ બરફ જેવો બની જાય છે, અસત્ય સમીપે આગ જેવો.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
શાંતિભાઈ કનેરીયા
ઓઇલ એન્જીનના ઉત્પાદકો
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧
ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ઓફિસ ૩૩૬૬૦



# મહાન યોગી શ્રી અરવિંદની અમરકૃતિ સાવિત્રી

આશા ત્રિવેદી

## [ આસુરી રાજ્ય અને સ્વર્ગ ]

અશ્વપતિએ આસુરી શક્તિના અનેકવિધ દુષ્કાર્યોને જોયાં આ દાનવોમાં જરા જેટલાંય દયા અને પ્રેમ હોતાં નથી. એમની સામે થવા જનાર ઉપર તેઓ જીવલેણ ઘા કરે છે. અસત્યની વેદી ઉપર આત્માનું બલિદાન અપાય છે. જુઠાણું ત્યાં અમલ ચલાવે છે. ત્યાંની હવામાં સત્ય જીવી શકતું નથી. આ જગતના જીવો હીનતાના હવાલે જ છે. ઉચ્ચ આત્માવસ્થાનો ત્યાં ઉપહાસ થાય છે. એક વારનો દેવ બનેલો પતિત જીવ ત્યાં રાજા હોય છે. માનસિક પ્રકાશને ઝૂંટવી લેતી તામસી શક્તિઓ સાથે મલ્લ યુદ્ધ કરતો અશ્વપતિ આગળ ચાલ્યો. એની સામે મૃત્યુ હોય એવું એને થતું હતું. સત્યની સામે થતા વિરોધી અવાજો સંભળાયા. તન અને મન રહિત એક ઉગ્ર શૂન્ય આકૃતિ રાજાની આત્મ શક્તિને ગળી જવા લાલાયિત થઇ રહી હતી. આત્માને સહાયક સઘળું બળ મરી ગયું હતું. આવી પ્રભુ વિનાની અવસ્થામાં પણ અશ્વપતિએ ધીરજથી સર્વ કાંઇ સહન કરી લઇને મહાન વિનાશક ત્રાસને શમાવ્યો. શાંતિ પાછી આવી. આત્માની દિવ્ય દૃષ્ટિ સફળ થઈ. કાળી શૂન્યતાને શાંત જ્યોતિએ ઉત્તર આપ્યો. શ્રી અરવિંદ અનિષ્ટ તત્ત્વો સામે શાંતિથી પ્રતિકાર કરવાના હિમાયતી હતા. એ જ વાત અહીં રજુ થઈ છે. રાજાની અંદર પરમ સમર્થ દેવ જાગ્રત થયો,

એણે આસુરી તત્ત્વોને શાંતિથી યુદ્ધ માટે બોલાવ્યા. આસુરી શકિતના ગૂઢ હાર્દને જોવાની એનામાં શકિત આવી. સત્યને નકારતી આ દૈત્ય પ્રકૃતિ પ્રભુને દૂર કરી પોતે જ રાજા બનવા ઈચ્છતી હતી. દૈત્ય જીવનો જન્મ પાપ અને પીડામાંથી થાય છે. કામવાસનાની કાળી ભાવના મહાસુર અને દૈત્ય રૂપે મૂર્ત થાય છે. ફૂંત્કાર કરતા અહંકારનો જ દોર અહીં ચાલતો હોય છે. આત્મા પર નરકની કુકલ્પના લદાઈ ગઈ હોય છે. એક વખતનું સ્વયં પ્રકાશિત તત્ત્વ ત્યાં ઉલટા સ્વરૂપમાં પરિણમ્યું હોય છે. આપણાં આગમ શાસ્ત્રોમાં કથા આવે છે કે શાપને લીધે કેટલાક દેવ આત્માઓ અસુરપણાને પામ્મા હતા. શુદ્ધ સત્ત્વ સ્વરૂપ દેવમાં અજ્ઞાતપણે તમસનો થોડો જન્મ થાય ત્યારે તે દિવ્યતાથી વિરુધ વર્તન કરી નાખે છે, ત્યારે દિવ્ય શકિત તરફથી તેને નીચે પાતાળના પ્રદેશમાં મોકલવાની સજા થાય છે. અને ત્યાંથી કાળક્રમે તે દેવ સત્ત્વ ઉત્થાનને પામે છે. આથી શ્રી અરવિંદ એને એક વખતનું સ્વયં પ્રકાશ તત્ત્વ કહે છે. આના ઉદાહરણ તરીકે વૃત્રાસુર. મૂળમાં એ ચિત્રકેતુ નામનો દેવ હતો.

આ અસુરોના રાજ્યમાં પ્રભુના મહાનંદને ક્રોસ પર ચડાવ્યો હોય છે. ત્યાંના સ્વાભાવિક અનિષ્ટ ઉપર પુણ્યના બનાવટી ફૂલો ચડાવ્યાં હોય છે દા. ત. પૂતના સુંદર વેશ લઈ કૃષ્ણને મારવા આવી હતી.

હવે અસુર જન્મનું મૂળ જોઈએ તો આ છે. ચેતન આત્મા વિનાના જડ દ્રવ્ય સિવાય જ્યારે બીજું કાંઈ જ ન હોતું, ત્યારે અચેત પાતાળની ખાઈમાં પ્રાણે પ્રથમ સ્પર્શ કર્યો. આ વખતે અહીં પ્રભુ પોતે જ પોતાની દૃષ્ટિથી છૂપાચેલો હતો, એ બાબત વધુ મહત્ત્વની છે. હવે પ્રાણ રાત્રિ-



ના હૃદય પર એટલે કે આસુરી શક્તિના તત્ત્વ પર પોતાના કિરણો વડે પ્રહાર કરતો સૂતેલા ગૂઢ સત્યને શોધવા માંડ્યો, પ્રાણને અદૃશ્ય અને ઋત નિયમ જોઈતો હતો પણ આસુરી તત્ત્વ પાસેથી એને જુદો જ જવાબ મળ્યો—અર્થાત્ પ્રકૃતિના આસુરી ગર્ભાશયમાંથી એક અનામી પડછાયામય શક્તિ ઉત્પન્ન થઈ; જેણે અસતનું રૂપ લીધું અને શાશ્વતને ઢાંકી દીધું, આ રીતે અસુરોનું જગત જન્મ્યું. આત્માનો આનંદ વિશ્વ વ્યાપી દુઃખમાં પલટાઈ ગયો. એક મહાન વિરોધી બળે વિશ્વના આકાશને કબજે કરી લીધું. જુઠાણાએ અને દુઃખે જગતમાં પોતાનો દોર શરૂ કર્યો. આદિ સંકલ્પ લુપ્ત થયો. અજ્ઞાનતા નિયમ બની ગઈ. માનવતાએ વિકૃત સ્વરૂપ લીધું અને એ પાશવતામાં પાછો ફેંકાયો.

પરમાત્મા માનવ ઢાળામાં ઢળાઈ રહ્યો છે. શુદ્ધ સ્વરૂપે પ્રભુની શક્તિ વૃદ્ધિ પામે અને રખેને પોતાની સેતાની સત્તા ચાલી જાય. એવા ભયથી આસુરી શક્તિ દિવ્યતાને દબાવી દેવા ઉગ્ર રમખાણ મચાવે છે પ્રકાશના આગમનને એ આંતરી લે છે. એનું કપટ કળી શકાતું નથી, શુભને એ આંકડીયો બનાવી આપણને નરકે લઈ જાય છે. સાધકને આડે માર્ગે ચડાવી દે છે, અને માર્ગ ભૂલ્યા એ યાત્રીને પંજો પછાડી છેવટે મારી નાખે છે. પ્રભુ અને પ્રકાશ માટે આવેલા આત્માને નાશની ખાઈમાં નાખી દે છે. ઉપરથી એ મિત્ર અને માર્ગદર્શક હોવાનો ભભકાદાર અંચળો ઓઢે છે. પરંતુ માણસના હૃદયમાં રહીને પ્રભુના સંકલ્પો અને પરમોચ્ચ સત્તા સામે દ્રોહ કરે છે, અને જગતમાં એની જીત થતી દેખાય છે, એમનો આ નરકમાં થઈને પસાર થયા વિના સ્વર્ગે જઈ શકાતું નથી. અનંતના યાત્રીએ આની સામે હિંમતપૂર્વક ચાલવાનું હોય છે. આ અંધકાર ભર્યા

માર્ગમાં અશ્વપતિ નિજ આત્મ જ્યોતિના સહારે આગળ ચાલે છે. પણ ત્યાં બધું પૂરેપૂરું ઉલટું જ દેખાય છે. ત્યાંના જન્માંધ જીવો પાપને પુણ્ય માનતા હોય છે. યાતનાઓ અને રિબામણી ત્યાં રોજનો ઉત્સવ બની ગયો હોય છે. હાસ્ય અને ખુશાલી ત્યાં પાપ ગણાય છે. પર-પીડા ત્યાંના જીવોનો પરમાનંદ છે. આનંદને ત્યાં સજા થાય છે. નિર્દય, કાળમીંઢ અને કારમી શક્તિઓ ત્યાં પૂજાય છે. દ્વેષ ત્યાંનો પયગંબર છે. કકળાવવું, બાળી દેવું, મૂળ કાઢી નાખવું એ ત્યાં રમત માત્ર છે. ત્યાંના નિર્જીવ પદાર્થો પણ દુષ્ટતાથી ભરેલા દેખાય છે. આવી વસ્તુઓનો ઉપયોગ અમંગળકારી બને છે. આશા અને આનંદ જ્યાં અશક્ય જ દેખાય છે એવી અગ્નિ પરીક્ષા જેવી સ્થિતિમાંથી અશ્વપતિ પસાર થતો હતો. મહા મહેનતે એણે પોતાના આત્માના સત્યને સાચવી રાખ્યું હતું. સ્થૂળ વિશ્વ અર્થ રહિત લાગતું હતું. છતાંય વણખુલ્યું રહસ્ય એનામાં રહેલું હતું. વિશ્વના વિચારની આ નિદ્રામાં અશ્વપતિને પ્રકૃતિના રૂપાંતરની ગુપ્ત ચાવી મળી ગઈ. પીડા અને ભૂલ-ભ્રમણા તે આનંદ બની ગયાં, વિનાશમાં એણે સર્જન જોયું. નરક સ્વર્ગમાં લઇ જનારો ટૂંકો રસ્તો લાગ્યું.

અંધકારનું જાદુઈ ઘર તૂટી પડ્યું. બદ્ધ જીવોના કરારનામા બળી ગયાં. અસત્યે પોતાનું વિકૃત સ્વરૂપ સત્યમાં મેળવી દીધું. પ્રેમનું લાસ્ય આરંભાયું. બ્રહ્મસત્તા અને જડ દ્રવ્ય હળી મળી ગયાં.

અશ્વપતિની આજુબાજુ સોનેરી દિવસ પ્રકાશ્યો. એની પાર્થિવતાનું દૈવતમાં રૂપાંતર થયું. સાધના સંપૂર્ણતયા દિવ્ય બને ત્યારે જ અધ્યાત્મશક્તિ ખેંચવાનું બળ મળે છે.



અશ્વપતિ સદાયને માટે સ્વર્ગીય પ્રકાશથી છલકાતો બની ગયો. પ્રભુની આજ્ઞાને સાથે રાખીને એણે વિશ્વ વ્યાપી પ્રેમના હૈયે શયન કર્યું, ત્યારે આજુબાજુ સચેતનતાનો સૂર્ય પ્રસર્યો હતો.

હવે એ પ્રાણના દેવતાઓના સ્વર્ગમાં આવી પહોંચ્યો. આ દેવતાઓએ અશ્વપતિનો સોલ્લાસ સત્કાર કર્યો. અહીં સઘળું પૂર્ણાવસ્થાએ પહોંચેલું હતું. ચમકતી શાંતિના વિસ્તારો હતા. નીચે સ્વપ્ન સેવતાં ગંધર્વ નગરો હતાં. દિવ્ય સ્વરમાં પ્રેમગીતો ગવાતાં હતાં. કામવાસના ત્વરાથી જ્વાળાના રૂપમાં પલટાતી હતી. સામાન્ય વસ્તુઓ પણ ચમત્કારી બની જતી હતી. ત્યાં બધું જ જાદુઈ શક્તિથી સુખમય બનતું હતું. આ સંપૂર્ણ વિશુદ્ધ પ્રાણની ભૂમિકા છે. લાંબા આંતર યુદ્ધ પછી અશ્વપતિને અહીં દિવ્ય આરામ મળ્યો. મનને અમર અને હૃદયને વિશાળ બનાવતું સંગીત એને સંભળાયું. એટલે કે પરાવાણીનો સ્પર્શ થયો. માંસ માટીના દેહમાં દેવો જેવી યોગ્યતા આવી. એનું શરીર અમૃત તત્ત્વને ધારણ કરવા યોગ્ય પાત્ર બની ગયું. એનો માનુષી સ્વભાવ સ્વર્ગનો સહચર બની ગયો. અનંતતામાંથી મળતો થોડોક સ્પર્શ પણ જીવનને પુષ્કળ આનંદથી ભરી દે છે. માનુષી માટીને છિન્ન ભિન્ન કરી નાખે એવો અને જેને દેવો જ ધારવાને શક્તિમાન હોય છે, એવો પરમ હર્ષ અશ્વપતિએ પ્રાપ્ત કર્યો. એનું બળ અમર શક્તિમાં રૂપાંતર પામ્યું. મનુષ્યતાને દિવ્યતામાં ફેરવવાનો શ્રીઅરવિંદનો શ્રમ આ ભૂમિકામાં સફળ બનતો દેખાય છે. ( ક્રમશઃ )

# પ્રકાશના પંથે

શ્રી યોગેશ્વરજીની આત્મકથા

સંક્ષેપ : નારાયણ હ. જાની

## પૂર્વજન્મનું જ્ઞાન (૨)

આ જીવનમાં નાની ઉંમરથી જ મારૂં મન ધર્મ ને ઈશ્વર તરફ વળવા માંડયુ, તેથી મને એમ તો લાગતું જ હતું કે પૂર્વજન્મમાં હું કોઇ સારો સંત કે તપસ્વી હોઇશ. કદાચ અધૂરી રહી ગયેલી સાધનાને પૂરી કરવા મારે આ જન્મ લેવો પડયો હશે.

પરંતુ પૂર્વજન્મનું જ્ઞાન થવાથી તે માહિતી મળી ગઇ. મારા પૂર્વજન્મમાં હું એક મહાન સંતપુરુષ હતો; કોઈ યોગભ્રષ્ટ પુરુષ ન હતો. પૂર્વજન્મમાં હું એક મુકત ને સિદ્ધકોટિનો મહાત્મા હતો. તે જન્મમાં મેં તીવ્ર સાધના કરી, પરમાત્માની પ્રાપ્તિ કરી શાંતિ, સંસિદ્ધિ ને પૂર્ણતા મેળવેલી હતી. તેમજ બીજા કેટલાય જીવોને પ્રકાશ પૂરો પાડેલો.

વાંચકને સહેજે પ્રશ્ન થશે કે તો તમારા પૂર્વજન્મની વાત જાહેર કરવામાં શી હરકત છે ? જીજ્ઞાસુ ને પ્રેમીજનોને એ સાંભળી ને આનંદ થાય તે સમજી શકાય છે. મારે બીજા વિચાર પણ કરવાના છે

સૌથી પહેલી નોંધપાત્ર વાત એ છે કે પૂર્વજન્મનું જ્ઞાન મારા જ લાભ માટે મળ્યું છે. મારી જીજ્ઞાસા સંતોષવા, મને ઉત્સાહ ને પ્રેરણા આપવા ઈશ્વરે તે મને પૂરૂં પાડયું છે. તે એક વ્યકિતગત વસ્તુ છે. મારો પૂર્વજન્મ એક પ્રસિદ્ધ મહાપુરુષ-



નો છે. તેમને અવતારી પુરૂષ તરીકે પણ કેટલાક લોકો માને છે. ભારત અને ભારતની બહાર એમના અસંખ્ય પ્રશંસક, પૂજારી અને અનુયાયી છે. મારી જાહેરાતથી કદાચ તેમનામાં ઉહાપોહ થાય, મતભેદ ઊભો થાય, ને મારી વાત ટાઢા પહોરના ગપ્પાં જેવી માને, ને વાતાવરણ કદાચ દૂષિત થાય. કવખતે નકામો ઉહાપોહ થાય તે મને પસંદ નથી. ઈશ્વરને પસંદ નથી, તેથી જ મેં અનુભવ થતાંની સાથે તે જાહેર કરેલ નથી.

પૂર્વજન્મની મહત્તાને બતાવીને માન મેળવવાની કે મારી વિશેષતા બતાવવાની મારી ઈચ્છા નથી. વર્તમાન જીવનની મહત્તા મારે મન વધારે છે. પૂર્વજન્મમાં હું ગમે તેવો મહાપુરુષ હોઉં, પણ આજે કેવો છું. ને મારામાં શું છે તે જ ખાસ મહત્વનું છે. પૂર્વ જન્મના મહત્ત્વને યાદ કરીને ચાલુ જીવનની કીંમત ઓછી આંકવાનો મારો વિચાર નથી. એટલે આ જન્મને ઉત્તમોત્તમ કરવાની કોશિષ હું કર્યા કરું છું.

પ્રશ્ન થાય કે પહેલાંના જન્મમાં હું મુકત પુરુષ હતો તો આ જન્મમાં મારે સાધના કેમ કરવી પડે છે ? કર્મના નિયમ પ્રમાણે જન્મથી જ પૂર્ણ કે મુકત થઈને કેમ નથી જન્મ્યો ?

તેનું સમાધાન એ છે કે મને કેવી રીતે જન્મ આપવો તે ઇશ્વરના હાથની વાત છે. મુકત કે અવતારી પુરુષો જન્મે ત્યારથી મુકતાવસ્થાનો અનુભવ કરે જ છે એમ નથી. બુદ્ધ ભગવાન ઈશ્વરના અવતાર કહેવાય છે. તેમણે પણ શરૂઆતના જીવનમાં મૂંઝવણ ને વેદના વેઠેલી. વર્ષો સુધી તીવ્ર તપ કર્યું ત્યારે શાંતિ કે બોધિની પ્રાપ્તિ થયેલી. તેજ રીતે

ઈશુ, ચૈતન્ય મહાપ્રભુ, સમર્થ રામદાસ, તુલસીદાસ, તે સૌને જન્મમુક્ત હોવા છતાં ઓછી સાધના નથી કરવી પડી. એથી ઊલટું શંકરાચાર્ય, શુકદેવ, કે જ્ઞાનેશ્વર જેવા પુરુષોને કોઈ સાધના કરવી નથી પડી. બાળપણથી જ મુક્તાવસ્થાનોજ અનુભવ તેઓ કરતા હતા. અવતારી મુક્ત પુરુષોમાં પણ આવો સૂક્ષ્મ ભેદ દેખાઈ આવે છે.

મુક્ત કે અવતારી મહાપુરુષના શરીર ધારણ ના બે હેતુ હોય છે. એક વ્યક્તિગત સાધના દ્વારા બીજાને માગદર્શનને બીજો આધ્યાત્મિક પુનરુત્થાનનો હેતુ. કેવળ બીજા હેતુની સિદ્ધિ માટે શંકર ને જ્ઞાનેશ્વર જેવા મહાપુરુષો જન્મે છે. પણ બન્ને હેતુની સિદ્ધિ જરૂરી હોય ત્યારે ઇશુ, બુદ્ધ, તુલસી કે ચૈતન્ય જેવા મહા પુરુષો પોતાના જીવન દ્વારા તે બન્ને હેતુને સાધી બતાવે છે. જગતમાં જો બધા મહાપુરુષો બાલપણથી મુક્ત થઈને જન્મે તો ઈશ્વરદર્શન કે મુક્તિ ને પૂર્ણતાની સાધનાના પ્રત્યક્ષ પ્રયોગો કરી જગતને પ્રેરણા કોણ આપે ? એટલે આ મહાપુરુષો સાધનાના સફેળ પ્રયોગો કરી બીજાને ઉત્સાહ આપે છે ને લોકોની ડગમગતી શ્રદ્ધાને જીવતી કરે છે. તે સેવા ઓછી નથી. આવા પુરુષો પોતાના જન્મના હેતુને બહુ જ જલદી જાણી લે છે. તે સંસારમાં આસક્ત થતા નથી, ને તેમને સાધનાની સિદ્ધિ જલદી મળે છે. મારો પહેલાંનો જન્મ ગુજરાતનો ન હતો. હિમાલયમાં રહેવાનો ને તપવાનો યોગ ચાલુ જીવનનો વિશેષ યોગ છે. સાહિત્ય લેખનની પ્રવૃત્તિનો આટલો વિકાસ આ જ જન્મમાં થયો છે. આમ કેટલાક બાહ્યભેદ જરૂર છે.

પૂર્વજન્મના જ્ઞાનથી મારામાં નાનપણથી થયેલી આધ્યાત્મિક રુચિનો ખુલાસો મને મળી ગયો. તેથી મને પોતાને



ઘણો જ લાભ થયો છે. આ જન્મમાં હું સતત સાવધ રહી પ્રેરણા મેળવી શક્યો છું. તેમ આ જન્મમાં પણ સાચો ને સિદ્ધસંત બની શકું તેવી મારી ભાવના રહી છે.

બીજી રીતે વિચારીએ તો જે મુક્ત પુરુષ તરીકે હું પૂર્વજન્મમાં હતો, તે પરમાત્મામય હતા. પરમાત્માના પરમ પ્રકાશના કિરણ હતા. એમ કહેવામાં વધારે વિવેક લાગે છે.

વેદ વ્યાસને ઈશ્વરના અવતાર કહેવામાં આવે છે. ધારો કે એક માણસને પોતે વેદવ્યાસ પૂર્વજન્મમાં હતો એવું જણાય. એનો ખુલાસો બે રીતે કરી શકાય. એક તો ખુદ વેદવ્યાસનો અવતાર અથવા જે ઈશ્વર વેદવ્યાસના રૂપમાં પ્રકટ થયેલા, તેજ તેની વર્તમાન આવૃત્તિમાં પ્રકટ થયા છે. આમાં આપણે ભાર વ્યાસ ઉપર નહિ, પણ મૂળ તત્ત્વ ઈશ્વર પર મૂકીએ છીએ. ઈશ્વરના પરમ પ્રકાશનાં અનેક કિરણો પ્રકટી શકે છે. એ રીતે દરેકનો ઈશ્વરી મૂળ પ્રકાશ સાથેનો સંબંધ સચવાઈ રહે છે. આ વાત કહેવાં પાછળ મારો આશય, મારીજાતને ઈશ્વરના અવતાર માનવા–મનાવવાનો નથી. હું તો સાધારણ માણસ છું હું મારી જાતને ઈશ્વરી માતાનો બાળક કહેવાનું વધુ પસંદ કરું છું.

નોંધઃ–ઉપરનું લખાણ મેં વરસો પહેલાં ૧૯૪૪માં લખેલું પણ.......

હવે આટલા લાંબા વખતે એટલે ૧૯૭૭માં આ કથા પ્રસિદ્ધ થાય છે ત્યારે નમ્રભાવે સત્યને વફાદાર રહીને કહી દઉં છું કે હું પૂર્વજન્મમાં વિશ્વવિખ્યાત સંતશ્રી રામકૃષ્ણ પરમહંસદેવ હતો. એમના નામથી રામકૃષ્ણ મિશન ચાલે

છે, તે સર્વવિદિત છે. ઈ. સ. ૧૯૪૪માં મારી જન્મોત્રીયાત્રા દરમિયાન મને મારા પૂર્વજન્મનું એજ અલૌકિક જ્ઞાન આપવામાં આવેલું. પેલા દિવ્ય મહાપુરુષો સુમધુર સન્માન-સૂચક સ્વરે બોલી ઊઠેલા "આવો રામકૃષ્ણદેવ! તમે બુદ્ધ છો."

મારા પૂર્વજન્મના જ્ઞાનની પ્રાપ્તિ એ જ્ઞાન મેળવવાની લગનને અને પરમાત્માની અસાધારણ અનુકંપાને લીધે થઈ હતી. એ જ્ઞાન પ્રમાણે એવા સંતને કોઇ કર્મબંધન તો હોય નહીં વાસના કે તૃષ્ણા પણ ના હોય. એ તો સ્વેચ્છાથી સર્વતંત્ર સ્વતંત્ર રીતે પૃથ્વી પર પ્રકટે.

એમણે એમના જીવનકાર્ય દરમ્યાન ફરી વાર પ્રકટવાની ઇચ્છા કરેલી. એનો ઉલ્લેખ એમના સુપ્રસિદ્ધ શિષ્ય તથા જીવનવૃત્તાંતકાર શ્રીમાસ્ટર મહાશયે 'ગોસ્પેલ ઓફ રામક્રીષ્ન' ગ્રંથમાં કરેલ છે, તે જોઇએ

"યુવાનોમાં અનેક અંતરંગ મંડળ કે વર્તુળના છે. અંતરંગ મંડળના છે તે મોક્ષ નહિ મેળવે. મારે ઉત્તર-પશ્ચિમી દિશામાં ફરીવાર માનવ શરીરને ધારણ કરવું પડશે. (પ્રકરણ ૪૪ પૃષ્ઠ ૭૧૬)

"હવે મને સંપૂર્ણ શાંતિ છે. મારે એકવાર ફરીથી જન્મવું પડશે. એટલા માટે મારા સાથીદારોને સંપૂર્ણ જ્ઞાન નથી આપતો. (પૃષ્ઠ ૨૮૩, ડીસે. ૨૪, ૧૮૮૩ સોમવાર)

[**પ્રકાશકની નોંધ**:-મહાત્માશ્રીની આત્મકથા છાપવા માટે અમે વર્ષોથી કહેતા આવ્યા હતા. પણ "હજી સમય આવ્યો નથી" એમ કહી તેઓ ટાળ્યા કરતા હતા. એટલે જ એમને પૂર્વજન્મના નામની જાહેરાતવાળી નોંધ પાછળથી ઉમેરવી પડી છે. પ્ર.]



# દૈવી સંપત્તિ

[ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતાના સોળમાં અધ્યાયમાં દૈવી સંપત્તિવાળી વ્યક્તિઓનાં ગુણોનું વર્ણન કર્યું છે તેનો સુંદર ભાવાનુવાદ પરમ પૂ. શ્રી. યોગેશ્વરજીએ કર્યો છે, જે દરેક મનુષ્યે રોજરોજ યાદ કરવા જેવો છે. સાધકે તે મોઢે યાદ કરી લેવા જેવો છે, જેથી તેનું પઠન-સ્મરણ રોજ કરી શકાય. તંત્રી.]

ડરવું કોઇથી નહીં, થવું સદા શૂરવીર,
ખેલ કરી, કસરત કરી, કરવું સરસ શરીર.
પ્રભુનાં બાળક છે બધાં, એમ સદા સમજી,
પ્રભુને જોવા સર્વમાં ભેદ બધાય તજી.
સાપ, સિંહ ને ડાકુથી ડરવું ના કદી કાળ,
રક્ષક છે પ્રભુ સર્વના, ડરવું ના કદી કાળ.
ચોરી તેમજ જૂઠ ને નિંદાથી ડરવું,
બાકી કાયરતા તજી સંસારે ફરવું.
ધર્મનીતિથી ચાલવું પ્રભુથી કરવી પ્રીત,
ડરવું ઇશ્વર એકથી, થઇ જાય તો જીત.
વસ્ત્ર જેમ ધોવાય છે ધોવું મન તેવું,
દુર્ગુણ તેમજ દ્વેષને સ્થાન જ ના દેવું.
જ્ઞાન પામવું તે બધું, ધરવું ખૂબ જ ધ્યાન,
ઉતારવું જીવનમહીં ઉત્તમ એવું જ્ઞાન.
મન હમેશાં મારવું, બનતું કરવું દાન,
અનાથ દુઃખી દીનને અન્નવસ્ત્રનું દાન.

[અનુસંધાન પાનાં ૬૪ ઉપર]

# મહામૌન

સંકલક–ઇશ્વરભાઈ એમ. શાહ

**મૌનના પ્રકારઃ**-(૧) **વાક્મૌનઃ**–વાણીને રોકી રાખવી તે (૨) **અક્ષમૌનઃ**-બાળાત્કારથી ઇંદ્રિયોનો નિગ્રહ કરવો (૩) **કાષ્ઠમૌનઃ**-શરીરની ચેષ્ટાઓનો ત્યાગ કરવો (૪) **સુષુપ્તમૌનઃ**–આત્મામાં હોવું.

**મૌનીના પ્રકારઃ**- (૧) કાષ્ઠ તપસ્વી (૨) જીવનમુક્ત. પ્રથમનાં ત્રણ મૌન કાષ્ઠ તપસ્વીઓ આત્મ તત્ત્વને જાણ્યા વગર આચરે છે. જ્યારે આત્મતત્વને જાણનાર જીવનમુક્તનું સુષુપ્તમૌન હોય છે.

મૌન એટલે **વાચિક મૌન**. મોઢેથી ન બોલવું પણ ઇશારાથી તેમજ લખીને બતાવવું. આ મૌન તો બધાજ જાણે છે. કેટલાક ઈશારાથી કે લખીને પણ ન બતાવવું તેમજ બહારનાં કોઈપણ સંકેતો વડે વ્યાવહારિક સંબંધ ન રાખવો એવો નિયમ પાળે છે, તે સારો છે.

મુખથી ન બોલવું એ વૈખરીનું મૌન થયું. પરંતુ વાચાનુ પૂર્ણમૌન તો વિચાર અને મનન જ્યારે બંધ થાય ત્યારેજ થાય. વાચાના ચાર પ્રકાર છે. પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી. વૈખરી કરતાં મધ્યમા સૂક્ષ્મ. તેના કરતાં પશ્યન્તી સૂક્ષ્મ અને તેના કરતાંય પરાવાચા સૂક્ષ્મ છે. તેથી પારાવાચાનું મૌન સધાય ત્યારેજ વાચાનું પૂર્ણ મૌન કહેવાય. શાસ્ત્રમાં વૈખરીની શકિત કરતાં મધ્યમાની શકિત દશગણી કહી છે. મધ્યમાની શકિત કરતાં પશ્યન્તીની શકિત દસગણી કહી છે. અને પશ્યન્તીની શકિત કરતાં પરાવાચાની શકિત દસગણી છે. પારાવાચાની શકિત કરતાં દસગણી શકિત



પરાતીતની બતાવી છે આ ઉપરથી મહામૌનની શકિત વૈખરી કરતાં કેટલા બધા ગણી વધુ છે તે સહજ સમજી શકાશે.

મહામૌનમાં વાચિક મૌન ઉપરાંત મનનું પણ મૌન પાળવાનું હોય છે. એટલે મનથી થતી કેટલીક તદ્દન આવશ્યક ક્રિયાઓ શૌચ-સ્નાન-ભોજન સિવાયની બધીજ ક્રિયાઓ કરવાની હોતી નથી. આત્માકાર વૃત્તિ તેમજ બ્રહ્માકાર વૃત્તિ પણ રાખવાની નથી. વૃત્તિને પણ કામ આપવાનું નથી. તો પછી કોઇ કહેશે કે એ તો શૂન્યાકાર સ્થિતિ થઇ. પરંતુ સત્–ચિત્-આનંદ સ્વરૂપ આત્મા સિવાય તો કોઈપણ જગ્યા ખાલી જ નથી. વૃત્તિ વગેરે કાંઈ નથી પણ આત્મા તો ત્યાં છે જ આમ મહામૌન જે એક પ્રકારની સહજ સમાધિ કહી છે. તેમાં આનંદ સ્વરૂપ આત્માજ છે. ત્યાં દ્વૈત ન હોવાથી અનુભવકર્તા નથી. તેથી તે અનુભવ વગરનો અનુભવ–આત્માનુભવ–આત્મદર્શન એમ કહેવાય છે. દ્વૈત ન હોવાથી જીવ–શિવનું મિલન કહેવાય છે. ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને જીવ તેનો અંશ હોવાથી સચ્ચિદાનંદ સ્વરૂપજ છે. આથી ત્યાં એકરૂપતાનો અનુભવ થાય છે. સોનાની લગડી અને તેમાંથી બનાવેલી વીંટી એમ બેઉ જુદા જુદા સ્વરૂપથી બંને એકજ છે.

મહામૌનમાં વાચા અને મૌનના મૌન ઉપરાંત અહમ્‌નું પણ મૌન પ્રાપ્ત કરવાનું છે. એ ખાસ યાદ રાખવું. આ અહં મમ જોકે ઘણું જતું રહે છે. અહં નહિ એટલે અહંને જોઇતું માન-પ્રતિષ્ઠા, લાભ, પ્રિય, અનુકૂળતા કે ન જોઈતું એવું દુઃખ, અપમાન, નુકસાન અપ્રિય કે પ્રતિકુળતા આ બધુંજ નહીં અને તેના વિચારો પણ નહીં. મમ નહિ એટલે કુળ. જાતિ, સામાજીક રૂઢિ, જૂના સંસ્કાર, સ્ત્રીપુત્ર, મિલ્કત વિગેરે કશાના વિચારો નહીં.

મહામૌન એમતો યોગનું એક અંગ છે. આમાં પણ ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. પણ તેને માટે પ્રાણાયામ, ધારણા, ધ્યાન જેવો કોઇ ખાસ પ્રયાસ કરવો પડતો નથી. મહામૌનને એક અનુષ્ઠાન ભલે કહો, એમાં મનને બહારથી કે અંદરથી કોઈ વિષય આપવાનો હોતો નથી. ધ્યાન કે આત્માનુસંધાન જેવી મનની ક્રિયા પણ કરવાની હોતી નથી. આમ કોઈ કામ ન હોવાથી તે સંબંધી વિચારો આપોઆપ જ બંધ થાય છે. આરંભમાં વિચારો આવે છે, તેથી નિર્વિચાર સ્થિતિનો ગાળો નાનો હોય છે. પણ સમય જતાં ગાળો મોટો ને મોટો થતો જાય છે. આપણે જાગૃત હોવાથી વિચાર આવ્યો કે ઝટ 'વિચાર નથી કરવો' એ યાદ આવી જાય છે અને તરત જ વિચાર બંધ પડે છે. આમ વિચારોની સંખ્યા, વિચારોની ઉંડાઇ ધીમે ધીમે ઓછી થાય છે અને નિર્વિચાર દશાનો અનુભવ વધુને વધુ થાય છે. એટલે શાંતિ અને આનંદનો અનુભવ વધુ ને વધુ થતો જાય છે.

મહામૌનમાં નીરવ શાંતિ અનુભવાય છે. મન-બુદ્ધિ ન હોવાથી એટલે કે તેઓનું મૌન હોવાથી, મન-બુદ્ધિને પૂર્ણ આરામ મળે છે. તેથી શરીરના અણુએ અણુ તાજા થાય છે. રોગની શાંતિ અને આરોગ્યનો અનુભવ થાય છે. મહામૌનમાં "ભગવાન છે, તે પિતા છે. જીવોના કલ્યાણ માટે તેમની યોજના છે. તે જ સાચા કર્તા હર્તા છે, જીવ નહીં. તે જે કાંઇ કરે છે તે મંગલ માટે જ હોય છે." આ બધું પ્રત્યક્ષ થાય છે. આમ મહામૌનમાં ભગવાનમાં દૃઢ વિશ્વાસ થાય છે જે પરાભક્તિનું અંગ છે.

મહામૌનમાં વાચા, મનનું, અહમ્‌નું મૌન ઉપરાંત બુદ્ધિનું પણ મૌન પાળવાનું છે. બુદ્ધિનું મૌન એટલે શાસ્ત્રો વાંચીને બુદ્ધિથી સત્ય સંબંધી જે મત કે સિદ્ધાંત નક્કી કર્યો



હોય તે બધું બાજુએ મૂકી દેવાનું છે–એટલે કે કોરા કાગળ જેવા થઇ જવાનું છે. આમ થઇશું ત્યારે જ અંદરથી ભગવાન્ જે જ્ઞાન આપશે તે આપણે સાંભળી શકીશું અને ગ્રહણ કરી શકીશું. જે જ્ઞાન બહારથી મેળવીએ તે આપણી અજ્ઞ, ભ્રાંત માયામાં ફસાએલી બુદ્ધિ ચોક્કસ ગ્રહણ કરી શકતી જ નથી. શાસ્ત્રો, સંત મહાત્માઓ વગેરે કહે છે કંઇક અને આપણે સમજીએ છીએ કંઇક જુદું જ. જ્યારે મહામૌનમાં ભગવાન જ પ્રત્યક્ષ જ્ઞાન આપે છે. આજ સત્ય જ્ઞાન. આનાથી જ સાર્થકતા છે.

મહામૌનમાં વિચારો બંધ થાય છે. સંસ્કારોને લીધે જ વિચારો હોય છે. જીવ એટલે આત્મા+સંસ્કાર. બલ્કે જીવ એ સંસ્કારોનો જ બનેલો છે. તેથી મહામૌનમાં જ્યારે વિચારો નથી રહેતા ત્યારે જીવભાવ પણ નથી રહેતો. કેવળ આત્મા જ હોય છે. શાસ્ત્રોમાં જીવને બુદ્ધિમાં અર્થાત્ વિચારોમાં પડેલુ આત્માનું પ્રતિબિંબ કહેલું છે. વિચારો બંધ થતાં પ્રતિબિંબ પણ બિંબમાં મળી જાય છે એટલે કેવળ આત્મા જ રહે છે.

**મહામૌનના હેતુઃ–**

(૧) મનની ચંચળતા દૂર થવી. મન વગરની સ્થિતિ એટલે શૂન્યતા અનુભવવી. જ્યાં કેવળ આત્મા–પરમાત્મા જ હોય છે તે સ્થિતિ અનુભવવી.

(૨) સ્વાભાવિક આનંદ-શાંતિનો અનુભવ કરવો.

(૩) સાચા અપરોક્ષ જ્ઞાનની પ્રાપ્તિ થવી. અંદરથી પ્રાપ્ત થયેલું જ્ઞાન જ સાચું જ્ઞાન હોય છે એવી પ્રતીત થવી. એ સાચા જ્ઞાનથી જ સાચી શ્રદ્ધા બંધાય છે. તેનાથી આત્મનિષ્ઠા, ભગવન્નિષ્ઠા દૃઢ થાય છે. તેનો અનુભવ કરવો.

(૪) આપણું શરીર તો કામ વગર રહી શકે છે પણ

મન કામ વગર રહી શકે છે તેનો અનુભવ કરવો.

(૫) મહામૌનમાં ભગવાન છે, તે પિતા છે, તે ગુરુ છે, તેજ સાચા વૈદ્ય છે, તે જ જીવન છે. આપણે કાંઇ પણ માગીએ છતાં ભગવાન જેની આપણને સાચી જરૂર હોય તે જ પૂરૂં પાડે છે. તેની પ્રતીતિ થવી.

ટૂંકમાં સ્વાભાવિક જીવન. કોઈ હેતુ વગરનું એટલે કે 'જોઈએ' વગરનું જીવન-સાચું જીવન. ઈશ્વરી જીવન જીવતાં શીખવું. ઇશ સૃષ્ટિના જીવનનો આનંદ લેવો. જીવસૃષ્ટિના મોહ વગરનું જીવન જીવવું. સહજ જીવન જીવવું.

(સ્વામી નંદકિશોરજીના મહામૌન પુસ્તકના આધારે.)

આખી દુનિયા સમક્ષ જે કરી શકાય, તે કોઇ પણ સાક્ષી ન હોય ત્યારે પણ કરવું—એનું નામ સાચી બહાદુરી.

× × ×

કુનેહ એનું નામ કે સામા માણસને વીજળીનો ચમકારો આપણે બતાવી શકીએ, પણ એનો આંચકો ન લાગવા દઇએ.



# શ્રીમદ્ ભાગવત સુધા-(૪)

પ્રા. જનાર્દન દવે

ગયા વખતે આપણે 'ભાગવત' શબ્દનો વિચાર કરતાં તેના ત્રણ અર્થો વિચારેલા (૧) ભગવાનના સંતો (૨) ભગવાનનું શાસ્ત્ર (૩) જેમાં ભગવાન, ભગવંતો (અવતારો) અને ભગવંતો (સંતો) વર્ણવવામાં આવ્યા છે તેવું ભગવદ્-શાસ્ત્ર.

આજે આપણે "ભાગવત" એટલે ભગવદીય સંતોનો ભાગવતમાં કેવો મહિમા છે તે વિચારવું છે. એકાદશ સ્કંધના બીજા અધ્યાયમાં નિમિરાજા પોતાના યજ્ઞમાં પધારેલા નવ યોગેશ્વરો (૧) કવિ (૨) હરિ (૩) અંતરિક્ષ (૪) પ્રબુદ્ધ (૫) પિપ્પલાયન (૬) આવિર્હોત્ર (૭) દ્રુમિલ (૮) ચમસ (૯) કરભાજનને સત્કારી તેમને ભાગવતધર્મો વિષે પ્રશ્નો પૂછે છે. આવા પ્રશ્નોમાં નિમિરાજાનો પ્રશ્ન એવો છે– ભગવાન જેને પ્રિય છે તેવા સંતો કેવા ધર્મો આચરે છે, પોતે આચરીને પ્રબોધે છે અને આવા ભગવદીય સંતોનાં લક્ષણો શાં છે?

હરિ નામના યોગેશ્વર તેનો સુંદર ઉત્તર આપે છેઃ–

(૧) જે સર્વ પ્રાણીઓમાં ભગવાનનો અને ભગવાનમાં સર્વ પ્રાણીઓનો નિવાસ સમજે છે અને સર્વાત્મભાવથી સર્વ પ્રાણી પદાર્થોને નિહાળે છે તે સર્વશ્રેષ્ઠ ભગવદીય સંત છે.

(૨) જે ઈશ્વરમાં પ્રેમ, સંતો સાથે મૈત્રી, અજ્ઞાનીઓ પર કૃપા અને દ્વેષ કરનારાઓની ઉપેક્ષા કરે છે તે મધ્યમ પ્રકારનો ભક્ત છે.

(૩) જે માત્ર પ્રતિમામાં જ હરિનું પૂજન શ્રદ્ધાવડે કરે

પણ ભગવાનના ભકતમાં કે અન્યમાં ભગવાનને નિહાળતો નથી તે સાધારણ ભકત છે.

(૪) જે ઇંદ્રિયો વડે વિષયગ્રહણ ભલે કરે પણ તેમાં પ્રિયાપ્રિય ન કરતાં આ બધું વિષ્ણુની માયા માનીને વર્તે છે તે શ્રેષ્ઠ ભગવદ્ભક્ત છે.

(૫) શ્રીહરિના અખંડ સ્મરણથી જેને દેહ, પ્રાણ, મન, બુદ્ધિનાં જન્મ મરણ, ભય, ક્ષુધા, તૃષા, સંકટો, વિપત્તિઓ જે સંસારના સ્વભાવ ધર્મો છે તેનાથી ક્ષુબ્ધ થતો નથી તે શ્રેષ્ઠ ભક્ત છે.

(૬) न कामकर्मबीजानां यस्य चेतसि संभवः ।
वासुदेवैकनिलयः स वै भागवतोत्तमः ॥

કર્મબીજોરૂપ વાસનાઓ જેનાં ચિત્તમાં કદી ઉદ્ભવતી જ નથી અને જે એકમાત્ર વાસુદેવમાં જ સ્થિતિ કરી રહેલ છે તે પ્રધાન ભક્ત છે.

(૭) જેને જન્મમાં, કર્મમાં, કે વર્ણાશ્રમમાં, જાતિમાં, કે દેહમાં અહંભાવ થતો નથી તે જ હરિપ્રિય ભકત છે.

(૮) જેને પોતાપણું કે પારકાપણું એવો ભેદભાવ નથી વળી આ દ્રવ્ય મારું છે, આ બીજા છે એવી ભેદદૃષ્ટિ નથી તે સર્વ પ્રાણીઓમાં સમત્વભાવવાળો શાંત સ્વભાવનો ભકત શ્રેષ્ઠ છે

(૯) દેવાસુરો જેને માટે તલસે એવા ત્રણ ભુવનોના વૈભવને સામે ઉપસ્થિત થયેલ જોવા છતાં લવ–નિમેષ માટે પણ જેની વૃત્તિ ભગવચ્ચરણારવિંદને ન ત્યજે તે વૈષ્ણવોમાં અગ્રણી છે.

(૧૦) જેના હૃદયને સાક્ષાત્ શ્રીહરિ પોતે કદી ત્યજતા નથી અને જેણે પ્રેમરૂપ રજ્જુ વડે ભગવાનનાં ચરણારવિંદને પોતાનાં હૃદયમાં પકડી રાખ્યાં છે તેવો ભગવદ્ ભકત શ્રેષ્ઠ છે.



આ લક્ષણો ઉપરાંત ભગવાન દુર્વાસાઋષિ પાસે અંબરીષ રાજાના તેમણે કરેલા અપરાધની સમજ આપતાં કહે છે કે "જેણે મારા માટે પત્ની, પુત્રો, ઘર, દ્રવ્ય, સ્વજનો સર્વ ત્યજયાં છે અને જે મારા પરાયણ જ રહે છે તેને હું શી રીતે ત્યજી શકું ? સંતોના હૃદયમાં હું છું, મારા હૃદયમાં સંતો છે, સંતો મારાવિના કશું જાણતા નથી, હું સંતો વિના કશું જાણતો નથી, સંતોએ જેમ પતિવ્રતા પોતાના પતિને વશ કરી લે તેમ મને વશ કરી લીધેલ છે."

અન્યત્ર એક સ્થળે ભગવાન બોલ્યા છે કે "જેની વાણી ગદ્ગદ્ થાય છે, ચિત્ત દ્રવે છે. કોઇવાર મારા વિયોગમાં રડે છે, કોઇવાર મારી સ્મૃતિમાં હસે છે, ઊંચા સ્વરે લોક લાજ છોડી ગાય છે. એવો મારો ભકત ત્રણ ભુવનોને પવિત્ર કરે છે."

આ સિવાય ત્રીજા અને પાંચમા સ્કંધમાં પણ સંતોના લક્ષણો બતાવ્યાં છે. શ્રીકપિલ ભગવાન દેવહૂતિજીની પાસે સંતોના લક્ષણો બતાવતાં કહે છેઃ–

तितिक्षवः कारुणिकाः सुहृदः सर्वदेहिनाम् ।
अजातशत्रवः शान्ताः साधवः साधुभूषणाः ॥
मय्यनन्येन भावेन भक्ति कुर्वन्ति ये दृढाम् ।
मत्कृते त्यक्तकर्माणः त्यक्तस्वजनबान्धवाः ॥
मदाश्रयाः कथा मृष्टाः शृण्वन्ति कथयन्ति च ।
तपन्ते विविधास्तापाः नैतान्मद्‌गतचेतसः ॥
त हते साधवः साध्वि सर्वसङ्गविवर्जिताः ।

(ક્રમશઃ)

# અસ્તિત્વનો આનંદ

ભાઈલાલભાઈ છાટબાર

( ક્ષણે ક્ષણે 'સ્વ' નો સંગાથ )

કોઈ ક્ષણ ક્યારેય રોકાતી નથી. જીવનનું રહસ્ય પ્રવર્તમાન ક્ષણને સહજતાથી સંપૂર્ણપણે જીવી જવામાં છે. જે ક્ષણ જીવાય છે તે સરકી જાય તે પહેલાં તે ક્ષણને સમગ્રપણે જીવી જવામાં જીવનની કૃતકૃત્યતા છે. અસ્તિત્વના આસ્વાદને આનંદ માણવાનું–શ્વાસ-પ્રશ્વાસે પળે પળે–પમાય એવી પ્રવર્તમાન ક્ષણ જીવનની ધન્ય ક્ષણ છે. અસ્તિત્વનો મધુર આસ્વાદ અન્ય પામી શકે તેવું અસ્તિત્વ વિશેષ ધન્ય છે.

વર્તમાનમાં સહજતાથી અંતરતમના એકાંતમાં એકાકી જીવવું એ સાચા જીવનની ચાવી છે. જે ક્ષણે જે કરવાનું હોય તેને સંપૂર્ણતામાં સમગ્રતામાં કરવાનું છે; એટલે પછી આગળની ક્ષણમાં નૂતન મિલન થાય તે માટે મુક્ત રહી શકાય. પ્રત્યેક શ્વાસ-પ્રશ્વાસ પર નિશાન તાકીને સમગ્ર અસ્તિત્વમાં સત્યની પ્રતિષ્ઠા કરવાથી સમસ્ત પ્રારબ્ધ જ બહુ શીઘ્ર નષ્ટ થઈ જાય છે અને દેહ-મન-અંતર–અસ્તિત્વનું સર્વ કાંઇ–સાત્ત્વિકતાનો પુંજ બની જાય છે.

પંખી જે ગીત ગાય છે તેનો પણ વિશ્વની યોજનામાં કાંઈક અર્થ હોય છે, પણ પંખી તે જાણતું નથી. ફૂલ ચોમેર સુગંધ પ્રસરાવે છે અને એક અનેરું સૌંદર્યજગત સર્જે છે; તેમાં પણ સર્જનહારનું કાંઇક ચોક્કસ પ્રયોજન છે. પંખીના ગીત અને ફૂલની ફોરમ માફક માનવ–અસ્તિત્વ પાછળ પણ સર્જનહારનો–સ્વયં અપ્રત્યક્ષ અપ્રકટ રહી–કાંઇક ઉદ્દેશ



સર કરવાનો હેતુ છે. પ્રવર્તમાન પળે સહજ આનંદવિભોર પંખીના ગીત અને પ્રસન્ન ફૂલની ફોરમની જેમ મનુષ્યે પણ વર્તમાન–ક્ષણને જ જીવી જવામાં રહેલ જીવનરહસ્યનું સત્ય સાક્ષાત્ કરી લેવાનું છે.

મનુષ્યમાત્ર પ્રાણી કે ઉત્પન્ન કરાયેલ જીવ નથી. મનુષ્ય ચેતના છે–દિવ્ય શક્તિની–પરમ ચેતનાની પ્રતિકૃતિ છે. સર્જનહારની સમસ્ત કૃતિઓમાં તેની આ કૃતિ–મનુષ્ય વિકાસોન્મુખ તથા વિકાસપરાયણ છે; અને 'સ્વ' ના ગૌરવને પ્રાપ્ત મનુષ્ય પરમાત્મસ્વરૂપ બનવાની ક્ષમતા ધરાવે છે. પરન્તુ મનુષ્ય પોતાના પરમાત્મપદને ભૂલેલો છે. મનુષ્યના-ભવિષ્યની ભવ્યતા અસીમ છે. પુષ્પની પાંખડીઓ જેમ એક પછી એક ખૂલતી જાય અને પુષ્પ પૂર્ણતાને પામી સોળેય કળાએ ખીલી ઊઠે તથા સૌંદર્ય–સુગંધે શોભી ઊઠી અસ્તિત્વને સાર્થક્ય કરી લે તેમ મનુષ્યે પણ સર્વાંગ–સંપૂર્ણ બની પોતાના અસ્તિત્વનું સાર્થક્ય કરી લેવાનું છે. જેમની શિવયાત્રા શરૂ થઇ ચૂકી હોય છે, તેમનો તો જીવાતી પ્રત્યેક પળની સાથે ચિર નૂતન સંબંધ હોય છે. પંખીના ગીત અને ફૂલની ફોરમ જેવી સહજતા વિના જે કંઈ છે, તે બધું અશુદ્ધ, અભદ્ર અને અસુંદર છે.

વૃદ્ધ મન ભૂતકાળની સ્મૃતિઓમાં રાચે છે અને ભવિષ્યનાં સ્વપ્નોમાં ક્ષીણ થઇ જાય છે. આમ મનુષ્યને કાં તો ભૂતકાળનું ભૂત વળગ્યું હોય છે–અથવા તો તે ભવિષ્યની મોહમયી મરીચિકાના મિથ્યા આભાસોની ભ્રમજાળમાં જીવતો હોય છે; અને પરિણામ સ્વરૂપે તે પ્રવર્તમાન પ્રત્યક્ષ પળનો પ્રસાદ ગુમાવી બેસતો હોય છે. 'જિન્દગી ખુદ હી ઇબાદત હૈ અગર હોશ રહે'–આ સૂક્તિમાં 'હોશ' શબ્દ વર્તમાનની

પળે પળની સભાનતાનો દ્યોતક છે અને પ્રતિક્ષણની જાગ્રત અવસ્થા સૂચવે છે. પળે પળે શ્વાસ-પ્રશ્વાસે પ્રત્યેક ક્ષણે જાગ્રત વ્યક્તિની જિન્દગી સ્વયં પૂજા બની રહે છે. આવો મનુષ્ય ઘડપણ, મૃત્યુ, વિપત્તિ, રાજ્યસત્તા અને દારિદ્રય આ બધાંને રમ્ય માનીને તેનો ઉપભોગ કરે છે કેમકે તે ક્ષણે-ક્ષણનું રક્ષણ કરે છે.

જે ભૂમિકામાં ભૂત અને ભવિષ્ય બંને નિત્યવર્તમાન સ્વરૂપે પ્રકાશિત થઈને રહે છે, તે જ પૂર્ણ જ્ઞાનભૂમિકા છે. ત્યાં કાળનો ભેદ નથી, ઘટનાનું અલગપણું નથી, ભાવની વિશિષ્ટતા નથી અને ક્રિયાનું તારતમ્ય નથી. મહાકાળના સમયનદના પળેપળના થડકાર-ધબકારનું હાલરડું મનુષ્યના અંતરતમમાં રહેલ 'શાશ્વતી'ને સુષુપ્ત અને નિદ્રાધીન રાખે છે. સમયના-કાળભગવાનના સૂક્ષ્માતિસૂક્ષ્મ ખંડ-પળ પ્રત્યેની જાગૃતિ એ શાશ્વતીનાં દિવ્ય દર્શનનાં પરોઢનું પ્રથમ તેજોમય કિરણ છે. પૂર્ણપણે જાગ્રત થતાં જીવનની ક્ષિતિજો ભાંગીને ભુક્કો થઈ જાય છે અને મનુષ્ય અનંતતાનું પ્રવેશદ્વાર પામે છે. સત્ય કોઈ અમૂર્ત ગૂઢ સ્વરૂપમાં પડયું હોય છે, તેવું નથી. સત્ય તો અહીં, આ સમયે, આ ક્ષણ-માં અને આ પળમાં છે. મનુષ્ય પ્રતિક્ષણે સવારથી સાંજ જે કરે છે, તે સર્વમાં એ સત્યની જ સત્તા છે. ક્ષણ બેહોશને રમાડે-રંજાડે છે. જાગ્રત ક્ષણેક્ષણનો આનંદ માણે છે.

---



# રામકથા

યોગેશ્વરજી

[ યોગેશ્વરજીના સિદ્ધહસ્તે આલેખાયેલ રામકથા ]

સ્વયંવર મંડપમાંથી બધા વીખરાયાં એટલે ઉર્મિલાએ સીતાને પોતાના આનંદની અભિવ્યક્તિ કરતાં ધીમા છતાં મધુર સ્વરે કહેવા માંડયું : "તારું સૌભાગ્ય ઘણુંજ શ્રેષ્ઠ છે, સીતા! સર્વશ્રેષ્ઠ."

'કેમ ? એવું કહેવાનું કયાંથી સૂઝયું ?'

'રામ જેવા પતિ મળ્યા છે. એ કાંઇ ઓછા સૌભાગ્યનું પરિ-ણામ કહેવાય કે ? એવા પતિ તો ભાગ્યે જ કોઈકને મળી શકે. તારા પર જગદંબાની કૃપા છે. અને દેવર્ષિ નારદની પણ. એમની વાણી સાચી ઠરી. રામના દર્શન માત્રથી તારા હ્રદયમાં જે સાત્વિક અને સાચો સ્નેહ થયેલો તે સફળ થયો. તારી એમને માટેની ભાવોર્મિ કૃતાર્થ થઈ. તેં જે ઈચ્છયું કે માગ્યું તે જ વિધાતાએ પુરું પાડયું. એનાથી અધિક સુખદ સૌભાગ્ય બીજું કયું હોઈ શકે ? એવું સૌભાગ્ય તો સૌ કોઇ ઇચ્છે, પરંતુ એક વાત કહું ? મને તો થતું'તુ કે મુનિપ્રવર પરશુરામ અને લક્ષ્મણ વચ્ચે સંઘર્ષ શરુ થઈ જશે તો બધીયે બાજી બગડી જશે. લક્ષ્મણના શબ્દો સાંભળીને પરશુરામ ખૂબજ રોષે ભરાઇ ગયેલા. એ તો રામે સુંદર સરળ શબ્દોથી એમને શાંત પાડ્યા, નહિ તો ભારે અમંગલ થઇ જાત.'

'સાચું છે. લક્ષ્મણ વીર છે એ તો ખરુંજ, પરંતુ એ ઉપરાંત રામ પ્રત્યેના પ્રેમથી ભરપુર છે. એટલે એમનાથી પરશુરામનો વ્યવ-હાર સહન નહોતો થતો. પરંતુ સારું થયું કે બધું સલામત રીતે પતી ગયું.'

ઉર્મિલાએ વિનોદ કરતાં કહ્યું : 'હા. તારું તો પતી ગયું.'

સીતા સુમધુર સ્મિત કરતાં ઉર્મિલાનો હાથ પકડીને બોલી ઉઠી : ' મારું પતી ગયું એ વાત બરાબર છે, પરંતુ તારું પણ કાંઈ પત્યા વિના રહેવાનું છે ? ' તારો તો સ્વયવર થયો પણ મારો સ્વયંવર ક્યાં કરવામાં આવ્યો છે ? નજદીકના ભવિષ્યમાં એની સંભાવના પણ નથી લાગતી. '

' છતાં પણ પિતાજી તારી લાગણીને જાણે છે ને સારી પેઠે જાણે છે. સમયપર એ લાગણીને સંતોષવા માટે ઘટતું કરશે જ. મને તો એની ખાતરી છે. '

ઉર્મિલા થોડીવારક અટકી વિચાર કરીને બોલી : ' મારું મન તો કોણ જાણે કેમ પણ લક્ષ્મણ પ્રત્યે ખેંચાઇ રહ્યું છે. એમને માટે મારું હૃદય વિશેષ સ્નેહનો અનુભવ કરી રહ્યું છે. પ્રાણ એમની આજુબાજુ ફરે છે અને એક પ્રકારના મીઠા રસનો અનુભવ કરે છે. જે મળવાનું નથી તેની તે કામના કરે છે. એ શું કરુણ અને વિચિત્ર નથી લાગતું ?

વિચિત્ર તો જરૂર લાગે, પરંતુ મારા મનની અવસ્થાપણ એવી જ હતી ને ? એ પણ અશક્ય જેવા ભાસતા દશરથનંદન રામના નિત્ય સહવાસનાં સ્વપ્નાં સેવતું. એ સ્વપ્નાં અત્યંત સુખદ હતાં, તોપણ હતાં તો સ્વપ્નાં. કોને ખબર હતી કે એ સ્વપ્નાં એક ધન્ય દિવસે સાચાં પડશે. ને જીવનની વાસ્તવિકતા બનશે ? એવું જ તારા સંબંધમાં છે. તારાં સ્વપ્નાં પણ સાચાં પડે અથવા તારી કામના પણ પૂરી થાય એમ ઇચ્છુ છું. કેટલીકવાર મન જે મળવું મુશ્કેલ હોય તેની ઝંખના પણ કર્યા કરે છે. એને માટે પણ એને રાગ પણ થાય છે. કોઇવાર એને પરિણામે સુખ છે તો કોઈવાર દુ:ખ. ઝંખના સફળ થાય છે તો સુખ સાંપડે છે નહિ તો દુ:ખ મળે છે. એ સફળ થશે કે નહિ તે કોણ જાણે છે ? છતાં મન પોતાનો કામના કરવાનો સ્વભાવ નથી છોડતું.



' લક્ષ્મણ સાથે જો મારું લગ્ન થાય તો એક બીજો લાભ પણ થઇ શકે તેની કલ્પના તું કરી શકે છે ? ' ' કયો લાભ ? મારાથી તો બીજું કોઈ અનુમાન નથી કરી શકાતું. '

' કેમ ? એટલું પણ નથી કલ્પી શકતી ? કે પછી તું મૂક રહીને મને જ બોલાવવા માગે છે ? રામ સાથે તારું લગ્ન તો નક્કી જ છે. અને લક્ષ્મણ સાથે મારું લગ્નપણ થઇ જાય તો બંને બેનો જીવનભર સાથે ને પાસે રહી શકીએ. સાચું કહુ તો તારો સ્નેહ મારાથી સ્વપ્ને પણ નહિ ભુલી શકાય. તું મને છોડીને રામ સાથે અયોધ્યા જવા તૈયાર થશે એ મારાથી સહેજ પણ નહિ સહી શકાય. તને વિદાય આપવાનું કામ મારે માટે ખૂબજ વ્યથાજનક, કઠોર અને ભારે થઈ પડશે. તારી વિદાયની એ પળ કેટલી બધી કપરી હશે ? એની કલ્પના માત્રથી હું કંપી ઉઠું છું, મને એક પ્રકારની અચિંત્ય ગભરામણ થાય છે અને મારું મસ્તક ભમવા માંડે છે. '

ઉર્મિલાની આંખ છલકાઈ ગઇ એમાંથી પ્રવાહિત થયેલાં અશ્રુબિંદુ એના ગાલ પર થઇને નીચે પડવા માંડયાં એ જોઇને સીતા સ્તબ્ધ થઈ કરુણ બની ગઇ, ને બોલી : ' તારું હૃદય આટલું બધું લાગણીવાળું અને કોમળ છે, છતાં પણ એને થોડુંક મજબુત રાખ. તને મારાથી છૂટા પડવાનું નહિ ગમે તો મને પણ તારાથી છૂટા પડવાનું ક્યાં ગમવાનું છે? પરંતુ હજુ છૂટા પડવાનો વખત ક્યાં આવ્યો છે ? હજુ તો મારા વિધિપૂર્વકના લગ્નની મારા રામ સાથેના અયોધ્યાગમનની ઘણી વાર છે. એની કલ્પના કરીને અત્યારથી દુ:ખી ના થઈશ. મારા રામ સાથેના લગ્ન પછી મારે એકલીને અયોધ્યા જવાનું થશે તો પણ પિતાજીની અનુજ્ઞા લઈને હું તને મારી સાથે જ અયોધ્યા લઈ જઇશ. ત્યાં તને લાંબા વખત સુધી અથવા તારા લગ્નસુધી મારી પાસે જ રાખીશ.

ઉર્મિલા ગદ્‌ગદ્ સ્વરે બોલી : 'બીજા કોઇની સાથે લગ્ન કરીને તારાથી દૂર રહેવા કરતાં તારી પાસે રહેવાનું અને અવિવાહિતા રહીને પણ તારી પાસે રહેવાનું જ હું વધારે પસંદ કરીશ.'

સીતાએ કહ્યું : 'તને જગદંબાપર વિશ્વાસ છે ને? તે બધું સારું જ કરશે એટલી શ્રદ્ધા તો મને પણ છે. અત્યારે તું દૂરદૂરના વિચારો કરીને નકામી દુઃખી ના થતી. તારો મારા પરનો પ્રેમભાવ કેટલો બધો પ્રબળ છે તે જાણું છું. આ જગતમાં કદાચ બીજું બધું જ મળી શકશે પરંતુ તારા જેવી લાગણીવાળી પ્રેમાળ, બેન નહિ મળે. મારી લાગણી અને તારા પ્રબળ પ્રેમભાવને મારાથી કદીપણ નહિ ભૂલી શકાય. એતો મારા અંતરમાં કાયમને માટે અમર જ રહેશે. એની સુકોમળ અને સુખદ સ્મૃતિઓ કદી પણ નહિ કરમાય.'

(ક્રમશઃ)

---

[ પાનાં ૪૯નું ચાલુ ] દૈવીસંપત્તિ

ધનની બીજી શકિતથી કરવાં સૌનાં કામ,
થવું કદી સ્વાર્થી નહીં, ભજવા આતમરામ.
મન, વાણી ને દેહનો સંયમ પણ કરવો,
પણ અભિમાન ન રાખવું, નમ્રભાવ ધરવો.
હિંસા કરવી ના કદી, સત્ય વળી વદવું,
ઝેર, ક્રોધને જાણવું, વેર વળી તજવું,
શાંત ચિત્તથી બોલવું, વસવું આ જગમાં,
દયા દીન પર લાવવી, મધુર થવું દગમાં.
ખોટાં કામોમાં સદા, લજ્જાને ધરવી,
લોલુપતા ના રાખવી, ચંચળતા હરવી.
તેજસ્વી બનવું વળી, ક્ષમા સદા કરવી,
દ્રોહ ન કરવો ને, સદા ધીરજને ધરવી,
અહંકાર ના રાખવો, કરવું શુદ્ધ શરીર,
દૈવી ગુણવાળાતણા ગુણ આ, અર્જુન વીર.

## અનોખું આધ્યાત્મિક પર્વ

# ગુરુ પૂર્ણિમા

ગુરુનો અર્થ થાય છે અંધકારને દૂર કરનાર. પ્રકાશ વડે જ અંધકાર દૂર થઇ શકે. એટલે ગુરુ એ પ્રકાશ અને જ્ઞાનના દ્યોતક છે. મનુષ્ય જીવનમાં અવિદ્યારૂપી અંધકાર દૂર કરવાનું કામ સાચા, સમર્થ ને તત્ત્વદર્શી ગુરુઓ કરતા જ હોય છે.

વ્યાવહારિક જીવનમાં ઉપયોગી એવા શિક્ષકો કે પ્રાધ્યાપકો માટે પણ આપણે ગુરુ શબ્દનો પ્રયોગ કરતા હોઇએ છીએ; પરંતુ તે જ્યારે પૂજ્યભાવ દર્શાવવો હોય ત્યારેજ.

આધ્યાત્મિક માર્ગમાં મનુષ્ય પોતાના પુરુષાર્થ વડે આગળ વધવા પ્રયત્ન કરતો હોય છે. પરંતુ તેમાં એક તબક્કો એવો આવે છે, જ્યારે એને પ્રતીતિ થાય છે કે એનો ગમે તેટલો ભગીરથ પુરુષાર્થ પણ જે હાંસલ કરવા શક્તિમાન નથી, તે કેવલ ગુરુની કૃપાથી હાંસલ થઇ જાય છે. સાચા ગુરુમાં એવું સામર્થ્ય હોય છે એટલે જ એવા ગુરુઓ પ્રત્યેનું ઋણ અદા કરવા આપણે વર્ષમાં એક દિન ગુરુપૂર્ણિમાનો ઉજવીએ છીએ. એ દિને આપણી આત્મિક પ્રગતિનું સરવૈયું કાઢવું જોઇએ; જેથી એ પર્વના દિને નવા સંકલ્પો વડે-આત્મિક ઉન્નતિની દિશામાં આગળ વધી શકાય.

—બાલમુકુન્દ ઓઝ

# સદ્‌ગુરુ

સદ્‌ભાગ્યનો સૂર્યોદય થાય છે, ત્યારે આપણને અધઃપતનની ગર્તામાંથી ઉપર ઊઠીને આત્મવિકાસના માર્ગે આગળ વધવાનું મન થાય છે. એ વખતે સત્યની શોધ થાય છે. જ્યારે સમય પાકે છે ત્યારે આપણને એક એવા મહાપુરુષનો મેળાપ થાય છે જેણે જીવન વિકાસનાં સઘળાં શિખરો સર કર્યાં હોય છે, અને અનુભૂતિ તથા ડહાપણની પ્રાપ્તિ કરી હોય છે. એ મહાપુરુષને ગુરુનું સાંકેતિક નામ આપવામાં આવે છે. એનો અર્થ અંધકારમાંથી પ્રકાશમાં પહોંચાડનાર થાય છે. એમની પાસે પહોંચનાર એમની કૃપાના ભાગી બને છે. એ અવસર જીવન વિકાસનો મહાન અવસર હોય છે અને એક મોટી જવાબદારીનો પણ. એવા સદ્‌ગુરુના લાભથી વંચિત રહેવું એના જેવી ભૂલ બીજી કોઈ પણ નથી. એવું ધર્મશાસ્ત્રોને જાણનારા તથા માનનારા સર્વ સંમતિથી બતાવે છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડ બજાર, ભાવનગર. ☎ ૨૮૧૭૨